saurashtrabhoomi.com
saurashtrabhoomi@gmail.com
@saurashtrabhoomi
saurashtrabhoomi
+૯૧ ૯૮૨૫૦ ૭૬૪૬૪ / ૯૮૯૮૦ ૬૩૦૬૪
RNI.Regn.No. : 69936/98
વર્ષ : ૨૭ અંક : ૧૦૫
તા. ૧૨-૧૨-૨૦૨૪ ગુરૂવાર
₹ ૧.૫૦/- પાના-૮


અમદાવાદ, ગાંધીનગર અને જુનાગઢથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

પ્રકાશન સ્થાન : ''સૌરાષ્ટ્ર ભૂમિ'' કાર્યાલય, ૨૦૭, ૨જો માળ, અખબાર ભવન, હોટલ હવેલી પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર (ગુજરાત) થી પ્રસિધ્ધ કર્યુ - મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેલ રોડ, જૂનાગઢ
અમદાવાદ-ગાંધીનગર સંયુક્ત મોર્નીંગ આવૃતિ



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં
# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના

## નીતિ-નિર્ધારણના બે વર્ષ

1) ખરીદ નીતિ-2024
2) ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-2024
3) કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-2024
4) નારી ગૌરવ નીતિ-2024
5) ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-2023
6) સેમિકંડક્ટર પોલિસી
7) નવી IT/ITes પોલિસી
8) ગ્રીન-હાઈડ્રોજન પોલિસી

## સુશાસનના બે વર્ષ

- ગુજરાતનું અત્યાર સુધીનું ₹3 લાખ 32 હજાર કરોડનું સૌથી મોટું બજેટ.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- રાજ્યમાં શહેરીકરણ સુદૃઢ થાય તે માટે નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચના થશે
- 2 લાખ 82 હજાર ઘર પર સોલાર પેનલ, ઊર્જા સુરક્ષામાં ગુજરાત દેશમાં અગ્રેસર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણમાં ગુજરાત દેશમાં અગ્રેસર
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે ₹10 લાખ સુધીની સારવાર નિઃશુલ્ક
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, 2024 અમલી
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ
- યુવાનોના ઇનોવેટિવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપની" શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત 17 કરોડ 19 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- ભારત સરકારના DPIIT અનુસાર, ગત વર્ષની સરખામણીએ $2.6બિલિયન વધુ FDI મેળવીને નાણાકીય વર્ષ 2024માં $7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું
- પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના અંતર્ગત માત્ર 7 મહિનામાં 1,59,338 લાભાર્થીઓને લાભ
- વિશ્વના સૌથી મોટા 37 ગીગાવૉટના હાઇબ્રિડ રિન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -2નું લોકાર્પણ

## ખુશહાલ ખેડૂતના બે વર્ષ

- 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ રાજ્યના 13,730 એટલે કે 76% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 56 લાખથી વધુ ખેડૂતોને ₹6,300 કરોડથી વધુ રકમની સહાય.
- 20 લાખથી વધુ ખેડૂતોને પાક-ધિરાણ પર ₹2900 કરોડથી વધુની વ્યાજ સહાય
- ₹2800 કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી
- 9.85 લાખ ખેડૂતો સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયા, રાજ્યના 53 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

## દીકરીઓ અને મહિલાઓના સર્વાંગી વિકાસના બે વર્ષ

- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ 10 લાખ વિદ્યાર્થિનીઓને ₹138 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓને ₹28 કરોડથી વધુની સહાય ચૂકવાઇ
- નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ₹12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા 1.45 લાખ લાભાર્થીઓને સહાય
- સૌપ્રથમવાર જેન્ડર બજેટ ₹1 લાખ કરોડને પાર, 200 વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી

## ગરીબ કલ્યાણના બે વર્ષ

- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ.
- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને અનાજ વિતરણ
- શ્રમિક બસેરા યોજનાની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં ₹1500 કરોડના ખર્ચે 3 લાખ બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ₹2500 કરોડથી વધુનો ખર્ચ
- ભગવાન બીરસા મુંડાની 150મી જન્મ જયંતિની 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ભવ્ય ઉજવણી

## યુવા વિકાસના બે વર્ષ

- દેશમાં 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ–2023' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ
- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર વખત દેશમાં ગુજરાત મોખરે
- રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- 2023- દેશમાં સૌપ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન.

## ગૌરવવંતી સિદ્ધિઓના બે વર્ષ

- વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના 10મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન. ₹45 લાખ કરોડથી વધુના 98,000 થી વધુ MoU થયા.
- ગુજરાતમાં 17 G-20 મિટિંગનું સફળતાપૂર્વક આયોજન
- UN એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 3 સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત 'ટોપ અચીવર' સ્ટેટ.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 11 લાખ 50 હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

## વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત @ 2047' રોડમેપ દ્વારા વિકાસનું નક્કર આયોજન





2વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના

## રાજયમાં જંત્રીનાં ભાવ વધારા સામે

# અલગ-અલગ શહેરોમાં રેલી યોજી દેખાવો કરી બિલ્ડરોએ કલેક્ટરને આપ્યાં આવેદનપત્ર

### અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ વગેરેના બિલ્ડરો મેદાનમાં; વધારો પાછો ખેંચવાની માંગણી કરાઈ

અમદાવાદ, તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના સૂચિત દરમાં વધારો જાહેર કરી વાંધા-સૂચનો મંગાવવાની હાથ ધરાયેલી કામગીરી દરમ્યાન આ વધારો તોતિંગ હોઈ અને તેને લઈ સામાન્ય માણસનો ઘર બનાવવું ઘણું મોંઘું થાય તેમ હોવાને લઈ રાજ્યભરમાં વિરોધ ફેલાઈ રહ્યો છે. જેમાં હવે જંત્રીના સૂચિત દરમાં કરાયેલા તોતિંગ વધારાની સામે બિલ્ડર્સે સરકાર સામે બાંયો ચડાવી છે. સરકારે વાંધા અરજી રજૂ કરવા માટેની મુદત તો એક મહિનો વધારી આપી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાનો જો અમલ કરવામાં આવે તો મકાનના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થવાની ભીતિ વ્યક્ત કરી આ અસહ્ય વધારો પરત લેવાની માગ ઉઠવા પામી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાના વિરોધમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતનાં શહેરોમાં રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે બિલ્ડર એસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ જંત્રી કોઈપણ સંજોગોમાં સ્વીકારવા લાયક નથી એવું નક્કી કરી રાજકોટના બિલ્ડરો દ્વારા રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં **TRP** ગેમઝોન અગ્નિકાંડ બાદ છેલ્લા ૬ મહિનાથી રાજકોટ બાંધકામ વ્યવસાય મૃતપાય હાલતમાં હોવાનો દાવો બિલ્ડર એસોશિએશન દ્વારા કરવામાં આવ્યો છે અને આના થકી મનપાને આ વર્ષે ૫૦થી ૧૦૦ કરોડનું નુકશાન થશે જયારે સરકારને પણ સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં મોટો ઘટાડો થવાનો છે.

દોઢ વર્ષ સરકારે જંત્રીમાં સર્વે કરી ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સૂચિત જંત્રીની જાહેરાત કરી દીધી છે. રાજ્યમાં ૪૦ હજાર વેલ્યૂઝોન છે. જેમાંથી ૧૭ હજાર અર્બન વિસ્તારમાં અને ૨૩ હજાર ગ્રામ્ય વિસ્તારમાં વેલ્યૂઝોન આવેલા છે. સરકારે પોતે દોઢ વર્ષ સર્વે માટે લીધો અને જનતાને સૂચન માટે માત્ર ૧ મહિનાનો સમય આપ્યો તે વાજબી નથી. એસોસિયેશનના સર્વે પ્રમાણે નવી સૂચિત જંત્રીમાં ૨૦૦થી ૨૦૦૦ ટકાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેથી રિવ્યૂ કરવા માટે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો સમય આપવાની માંગણી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, જંત્રી દરમાં વધારા મામલે રજૂઆતો મળી રહી છે. સરકાર દ્વારા પણ રજુઆત ધ્યાનમાં રાખી ઓફલાઈન વાંધા અરજી સ્વીકારવાનું શરૂ કર્યું છે.રાજકોટમાં અત્યારસુધી ૧૫૦ જેટલી વાંધા અરજી મળી છે જેનો અભ્યાસ કમિટી દ્વારા કરવામાં આવશે. જિલ્લા કલેકટર અધ્યક્ષતામાં આ કમિટી અભ્યાસ કરી સરકાર સુધી આ વાંધા અરજી અંગે રજુઆત પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા જંત્રીના નવા સૂચિત દરના કારણે શહેરનો વિકાસ રૂંધાય કે વધારે ધીમો થાય તેવી શક્યતાઓને લઈ આ દરો પરત લેવાય તેવી માંગ સાથે વડોદરા બિલ્ડર અને ડેવલોપર્સ ભેગા મળી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી પોતાની રજૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં બિલ્ડરો અને ડેવલોપર્સ સહિત અસરગ્રત ખેડૂતો હાજર રહ્યા હતા. સરકારના આ નિર્ણય સામે બિલ્ડરોનું કહેવું છે કે, સરકાર દ્વારા જંત્રીના જે સૂચિત દર નક્કી કરવામાં આવ્યા છે, તે દર વાસ્તવિકતાથી વિપરીત છે. જંત્રી નક્કી કરતા સમયે જમીનના હાલના બજાર ભાવ, રિયાલીસ્ટીક માર્કેટ તેમજ સાયન્ટીફિક ગણતરી કરવામાં આવી હોય તેમ લાગતું નથી. જેના કારણે જો, હાલની સૂચિત જંત્રી લાગુ કરવામાં આવે તો મકાન, દુકાન અને ફ્લેટના ભાવમાં ૫૦થી ૧૦૦ ટકાનો વધારો આવશે તે નક્કી છે. વર્ષ ૨૦૧૧ની જંત્રી કરતાં ૨ હજાર ટકા કરતાં વધારે વધારો જોવા મળી રહ્યો છે. આ જંત્રીના ભાવમાં થયેલો વધારો સામાન્ય જનતા ઉપર ભારે અસર કરશે જેથી આટલા મોટાં ધરખમ વધારાને સરકારે પરત લેવો જોઈએ. આ બાબતનો વિરોધ નોંધાવવા માટે ક્રેડાઈ તથા અન્ય અસરગ્રસ્ત ખેડૂતો સહિત કેટલીક સંસ્થાઓ પણ જોડાઈ છે. આ અંગે રાજ્યના મુખ્યમંત્રી સાથે પણ બેઠક કરવામાં આવી છે. આ બાબતે પણ જ્યાં પણ ધરખમ વધારો થયો છે ત્યાં તે બાબતે ફરી વિચારણા થશે તેવી વાત કરવામાં આવી છે અને હૈયાધારણા આપ્યાં બાદ નિર્ણય લેવાશે તેવી વાત કરવામા આવી છે. જંત્રીના ભાવ અંગે એસી કેબીનમાં બેસીને જંત્રી નક્કી કરવામાં આવી છે એવી રીતે ન હોવું જોઈએ. યોગ્ય વેલ્યુએશનના આધારે જંત્રીનો ભાવ નક્કી કરવો જોઈએ તેવી અમારી માંગ છે. સુરતના બિલ્ડરો દ્વારા મોટી સંખ્યામાં જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપીનેજંત્રીમાં કરેલા ધરખમ વધારાને લઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સરકાર દ્વારા મન ફાવે તે રીતે જંત્રીના ભાવમાં વધારો કરી દેવાયો છે કયા વિસ્તારમાં કેવી રીતે સર્વે કરવામાં આવ્યો છે તે પણ કોઈ ખુલાસો કરવામાં આવી રહ્યો નથી. આટલા વર્ષોથી રિયલ એસ્ટેટ ક્ષેત્રની અંદર કામ કર્યા પછી જંત્રીમાં એકાએક સરકારે કયા કારણસર વધારો કર્યો છે તે સમજાતું નથી. તેમ બિલ્ડરોએ જણાવી માત્ર જંત્રી નહીં પરંતુ તેના કારણે અન્ય પ્રક્રિયાઓમાં પણ ગ્રાહકોએ વધુ રૂપિયા ચૂકવવા પડશે જેને કારણે ફલેટના હાલ જે ભાવ છે તેમાં ૩૦થી ૪૦ ટકા જેટલો વધારો થશે. તેમ જણાવ્યું હતું. સરકારનો નિર્ણય યોગ્ય નથી. જંત્રીના ભાવમાં થયેલા વધારાને કારણે તેને ખૂબ મોટી અસર રીયલ એસ્ટેટ ઉપર થવાની છે. માત્ર બિલ્ડરો ઉપર જ નહીં પરંતુ ગ્રાહક તરીકે સામાન્ય પરિવારના લોકો જે ઘર ખરીદશે તેમને પણ ખૂબ મોટી કિંમત ચૂકવવી પડવાની છે. ૩ જાન્યુઆરીના દિવસે ગુજરાત બિલ્ડર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના તમામ બિલ્ડર્સ તેમજ તેની સાથે સંકળાયેલા લોકો હાજર રહેવાના છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી તેમજ સંબંધિત વિભાગના મંત્રીઓ પણ હાજર રહેવાના છે તેમાં જંત્રી બાબતે રજૂઆત કરાશે છે રાજયના પ્રવર્તમાન જંત્રીના દરમાં કરેલ અસહ્ય વધારાનાં વિરોધમાં ગાંધીનગરના બિલ્ડરો પણ મેદાને આવ્યા છે. કલેકટરને આવેદન આપી ભાવ વધારો પાછો ખેંચવા તેઓએ માંગ કરી છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઈ અને બિલ્ડર એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જે અન્વયે અન્ય જિલ્લાઓની માફક ગાંધીનગરના બિલ્ડરો દ્વારા કલેકટરને આવેદન પત્ર આપી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



## 'વન નેશન, વન ઈલેક્શન'નો ખરડો સંસદના ચાલુ સત્રમાં આવી રહ્યો છે, શું સર્વસંમતિ પ્રાપ્ત કરી શકાશે ?

નવી દિલ્હી,તા.૧૨

લગભગ તમામ વિરોધપક્ષોએ વિરોધ કર્યા છતાં એવું લાગે છે કે મોદી સારકારે વન નેશન વન ઈલેકશનની દિશામાં ઝડપથી ડગલા માંડવાનું શરૂ કર્યું છે. સંસદના ચાલુ સત્રમાં જ કેન્દ્ર સરકાર આ અંગેનો ખરડો લાવી શકે છે. લાંબા સમયથી મોદી સરકાર આ દિશામાં ખૂબ સક્રીય બની છે. તેમ જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું. થોડા સમયે પહેલા જ આ દરખાસ્ત ઉપર એટલે કે એક સાથે ચૂંટણીઓ યોજવાના મુદા ઉપર રચાયેલી રામનાથ કોવિંદ કમિટીએ આપેલો અહેવાલ મોદી કેબિનેટ મંજુર કરી ચુકી છે. વધુ મોટાપાયે સમર્થન અને વ્યાપક સંમતિ મેળવવા સરકાર આ ખરડો ચર્ચા માટે જેપીસીને સોંપી શકે છે. જેથી કરીનો તમામ રાજકીય પક્ષોના અભિપ્રાય અનો મન જાણી શકાશે.




જેપીસીને બિલ સોંપવાથી તમામ હિતધારકો એટલે કે રાજયની વિધાનસભાઓના સ્પીકર તેમજ બૌદ્ધિક વર્ગને પણ એમના મંતવ્ય રજુ કરવાની તક મળશે. જનતાના અભિપ્રાય પણ જાણવાની કવાયત થઈ શકે છે. હાલ તુરત તો આ મુદ્દા ઉપર કોઈ નિર્ણાયક કે ખાતરી સભર સર્વસંમતિ થઈ શકે નથી. એટલે આ વિચારનો અમલ સરકાર માટે પડકારરૂપ બનશે જ. વન નેશન વન ઈલેકશનનો અમલ કરવો હોય તો બંધારણમાં સુધારો કરવા જરૂરી રહેશે અને એ માટે કમસેકમ છ ખરડા સંસદમાં પસાર કરાવવા પડે અને એ માટે સરકારને સંસદમાં બે તૃત્યાંશ બહુમતીની જરૂર પડે. ભાજપ પ્રેરિત એનડીએ પાસે અત્યારે સંસદના બંને ગૃહોમાં સાદી બહુમતી છે. એટલે બંધારણ સુધારા માટે આટલી મોટી બહુમતી સીદ્ધકરવાનું કાર્ય સરકાર માટે કપરાં ચઢાણ સમાન બની રહેશે. સરકાર તરફથી એવી દલીલ થઈ રહી છે કે એક સાથે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ થાય તો સમય, સંસાધનો તેમજ નાણાનો બચાવ થશે. અલગ અલગ ચૂંટણીઓ થાય છે ત્યારે વિકાસના કામો અટકી પડતાં હોય છે. બીજી તરફ વિરોધ પક્ષો આ વિચારને ખામીભર્યા ગણાવે છે. વિપક્ષનું કહેવું છે કે આ દરખાસ્ત સામે ઘણા મોટા પડકારો ઉભા થઈ શકે છે એટલું જ નહીં આ વિચાર જ બિનલોકશાહી અને ગેરબંધારણીય છે. કોવિંદ સમિતિએ તો ૨૦૨૯ પછી આ સિસ્ટમ અમલમાં મુકવાનું સૂચવ્યું હતું. પરંતુ મોદી સરકાર ઉતાવળે આગળ વધવા માંગે છે એવું લાગે છે.

## નલિયામાં ધ્રૂજાવી દેતી ઠંડીનો પ્રારંભ : સિઝનમાં પ્રથમવાર તાપમાનનો પારો ૮ ડિગ્રીથી નીચે

અમદાવાદ, તા.૧૨

હાલ ગુજરાતમાં ધ્રૂજાવી દેતી ઠંડીની શરૂઆત થઈ છે. ડિસેમ્બર માસના બીજા સપ્તાહની શરૂઆતથી જ શિયાળો બરાબર જામ્યો છે. રાજયભરમાં તમામ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ઘટતાં જાણે સમગ્ર ગુજરાતવાસીઓ ઠંડીથી ઠૂઠવાઈ ગયા હોય એવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યકત કરી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ગુજરાત ઉપર આવતા પવનો ઉત્તર-પશ્ચિમ દિશાથી આવી રહ્યા છે, તેથી ઠંડા પવનો ગુજરાત ઉપર આવતાં તાપમાનમાં ઘટાડો થયો છે. આ સાથે જ ગત મોડીરાત્રે મધ્ય ગુજરાતના ભાગોમાં પવનની ગતિ પણ સામાન્ય કરતાં થોડા અંશે વધુ અનુભવાય રહી હતી, જેને કારણે ઠંડા પવનો ફૂંકાતાં ઠંડીનો અનુભવ વધુ થયો હતો. રાજ્યમાં જ્યાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાવાતું હોય છે તેવા નલિયામાં સતત બીજા દિવસે રાજયનું સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી ઓછું લઘુતમ તાપમાન પણ છે.

## બાંગ્લાદેશની સ્થિતિને લઈને સમગ્ર પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શન, ઢાકાની સાડીઓ સળગાવામાં આવી

(એજન્સી) તા.૧૨

બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ ઉપર કથિત અત્યાચારને લઈને તાજેતરમાં પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસની તાત્કાલિક મુક્તિની માગણી સાથે કોલકાતા, કાંથી, કાકદ્વીપ, સંદેશખાલી અને પુરૂલિયામાં હિન્દુત્વ જૂથો દ્વારા આયોજિત વિરોધ રેલીઓમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. કોલકાતા નજીક સોલ્ટ લેક ઈન્ટરનેશનલ બસ ટર્મિનલની બહાર દેખાવકારો દ્વારા બાંગ્લાદેશની ઢાકાઈ જામદાની સાડીઓને સળગાવી દેવામાં આવી હતી. દેખાવકારોએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની હાકલ કરી અને ચેતવણી આપી કે જો ત્રિરંગાનું અપમાન અને હિંદુઓ ઉપર હુમલા ચાલુ રહેશે તો ભારતીયો ચૂપ નહીં રહે. એક પ્રદર્શનકારીએ કહ્યું, "અમે બાંગ્લાદેશમાં હિન્દુઓને સતત નિશાન બનાવવા અને ભારત વિરૂદ્ધ નફરતથી પ્રેરિત નિવેદનોની નિંદા કરીએ છીએ. અમે ચૂપ રહીશું નહીં અને જમદાની સાડીઓ સળગાવવાની સાથે અમે લોકોને બાંગ્લાદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરવા વિનંતી કરીએ છીએ.વિરોધમાં ભાગ લેનાર એક વ્યક્તિએ કહ્યું, "આ કેવું બાંગ્લાદેશ છે ? જે લોકો ૧૯૭૧માં આઝાદી માટે લડ્યા હતા તેઓ હવે પોતાનો ઈતિહાસ ભૂંસી રહ્યા છે." વિરોધીઓએ સરકારને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બાંગ્લાદેશ સાથે રાજદ્વારી વાટાઘાટો કરવા વિનંતી કરી. કાંઠીમાં વિરોધ રેલીનું નેતૃત્વ કરતા, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે બાંગ્લાદેશમાં વધતી જતી કટ્ટરવાદી શક્તિઓ સામે સનાતનીઓની એકતા છે. તેમણે કહ્યું,"૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધમાં ૩૦,૦૦૦ ભારતીય સૈનિકોની શહાદતને પડોશી દેશના ઈસ્લામવાદીઓ ભૂલી ગયા છે. આજની રેલી એ સરહદ પારના તત્ત્વોને ભડકાઉ નિવેદનો આપવાનું બંધ કરવાની ચેતવણી છે.' બાંગ્લાદેશી જૂથો દ્વારા ભારત વિરોધી નિવેદનો વિશે પૂછવામાં આવતા, ભાજપના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અને યુએન માર્ગદર્શિકાને અનુસરીને યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે.

## રાજયમાં PMJAY યોજના હેઠળ સારવારમાં ગેરરીતિ બદલ વધુ પાંચ હોસ્પિટલો સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૨

રાજ્ય ભરમાં ખ્યાતિ હોસ્પિટલના ચર્ચાસ્પદ બનાવની વ્યાપક ચર્ચા તથા પ્રત્યાઘાતો બાદ એકશનમાં આવેલી રાજ્ય સરકાર એક પછી એક એક્શન લઈ રહી છે. જેમાં ખાસ કરીને **PMJAY** તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવતા તેને લઈને રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. **PMJAY** યોજના અંતર્ગતની **SAFU**(સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હોસ્પિટલ અને ૨ ડોક્ટરની ગેરરીતિઓ સામે આવી છે. આવતા કડક પગલા લેવાના આદેશો જારી કરાયા છે. પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઈ આવતા **PMJAY**માં યોજનામાંથી સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવી છે. પાટણની હિર હોસ્પિટલમાં મુલાકાત દરમિયાન પ્રી-ઓથ દરમ્યાન કુલ ૯૧ જેટલા લેબ રિપોર્ટમાં છેડછાડ અને નિઓનેટલ કેરમાં હાયર પેકેજ સિલેક્ટ કર્યા હોવાનું માલુમ પડ્યું . જેથી હિર હોસ્પિટલ અને તેમાં ફરજરત ડૉ. હિરેન પટેલને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હેલ્થ સ્પ્રિંગ ૨૪ પેથોલોજી લેબોરેટરી પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાયા છે. વધુમાં હોસ્પિટલમાં રૂા.૫૦,૨૭,૭૦૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરાઈ છે.

પાટણની નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીયોનેટલ કેર સેન્ટરમાં પ્રિ-ઓથ દરમ્યાન કુલ ૬૦ જેટલા રિપોર્ટમાં છેડછાડ અને હોસ્પિટલ દ્વારા જે લેબોરેટરીનું ટાઈઅપ કરેલ છે તેમની પાસે દર્દીના લેબ રીપોર્ટ માંગવામાં આવતા રીપોર્ટ ઉપલબ્ધ ન હોવાનું જણાઈ આવ્યું. જેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલમાં ફરજરત ડૉ. દિવ્યેશ શાહને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વધુમાં શિવ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાઈ છે. હોસ્પિટલને કુલ રૂા.૧૫,૧૬,૩૫૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરવામાં આવી છે. દાહોદની સોનલ હોસ્પિટલમાં યોજનાની માર્ગદર્શિકા મુજબ મેન પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાનું અને ઈન્ફેક્શન કંટ્રોલને લગતી કામગીરીમાં પણ ઉણપ હોવાનું જણાતા આ હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઈ છે. અમદાવાદની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલમાં ચોથા અને પાંચમાં માળનું બી.યુ. પરમિશન ન હોવાનું તેમજ માર્ગદર્શિકા મુજબ સ્ટાફ અને મોડ્યુલર ઓટીનો અભાવ તથા કેટલીક એકસપાયરી વાળી દવાનો જથ્થો જણાઈ આવતા હોસ્પિટલને બી.યુ. પરમીશન ન મળે તેમજ ઉક્ત ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાઈ છે. અરવલ્લીની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એકસપાયર્ડ, તેમજ એન.આઈ.સી.યુ.માં માર્ગદર્શિકા મુજબ વ્યવસ્થા જણાઈ ન આવતા આ હોસ્પિટલને પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ન મળે તેમજ જણાઈ આવેલ ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. વધુમાં **PMJAY** યોજના અંતર્ગતની **SAFU** ટીમ દ્વારા રાજયની અન્ય હોસ્પિટલની પણ મુલાકાત કરવામાં આવી છે. જેમાં હોસ્પિટ્લસની રેકોર્ડ ચકાસણી થઈ રહી છે . આ રેકોર્ડમાં યોજનાની માર્ગદર્શિકાનું ક્યાંય પણ ઉલ્લંઘન થતું હશે તો આ હોસ્પિટ્લ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, જાન્યુઆરી-૨૦૨૪થી અત્યારસુધીમાં **PMJAY**-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ કુલ ૧૨ હોસ્પિટલને સસ્પેન્ડ, ડિએમ્પેન્લ્ડ કરવામાં આવી છે.

## યોગ્ય વાતાવરણ બનાવો : સિસોદિયાનો દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા મુદ્દે કેન્દ્ર ઉપર હુમલો

નવી દિલ્હી તા.૧૨

આમ આદમી પાર્ટી **(AAP)**ના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન, મનીષ સિસોદિયાએ રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કથિત રીતે અવગણવા બદલ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની ટીકા કરી હતી. પછી આ આવ્યું છે. ડીપીએસ આર.કે. પુરમ અને પશ્ચિમ વિહારની જીડી ગોએન્કા સ્કૂલ સહિત ૪૦થી વધુ શાળાઓને ઈ-મેલ દ્વારા બોમ્બની ધમકી મળ્યા બાદ તેમનું આ નિવેદન આવ્યું છે. ધમકીઓને પગલે વિદ્યાર્થીઓ અને સ્ટાફને સ્થળાંતર કરવાની ફરજ પડી, રાષ્ટ્રીય રાજધાનીમાં શૈક્ષણિક સંસ્થાઓની સુરક્ષા અંગે ચિંતા વધારી. આ ઘટનાએ સવારની ટોચની પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પાડ્યો હતો, જેમાં શાળાની બસોનું આગમન, માતા-પિતા દ્વારા બાળકોને સ્કૂલ ઉપર છોડવા અને સ્ટાફ દ્વારા દિવસની તૈયારીનો સમાવેશ થાય છે. અધિકારીઓએ સાવચેતીના પગલા તરીકે વિદ્યાર્થીઓને ઘરે મોકલી દીધા અને તપાસ ચાલુ છે. પરિસ્થિતિ ઉપર પ્રતિક્રિયા આપતા, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ શહેરમાં સુરક્ષાની સ્થિતિ ઉપર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે મીડિયાને જણાવ્યું 'જ્યારથી દિલ્હીમાં ૪૦ શાળાઓમાં બોમ્બની ધમકીઓ આવી છે, અમે બધા અંદરથી હચમચી ગયા છીએ. દિલ્હીની શાળાઓમાં બોમ્બની ધમકીની ઘટનાઓ સતત બની રહી છે,'. તેમણે રોહિણીમાં એક શાળા નજીક બોમ્બ વિસ્ફોટ, ફ્લાઈટ હાઈજેકની ધમકીઓ, ઉદ્યોગપતિઓને નિશાન બનાવી છેડતીની માંગણી અને ખુલ્લેઆમ ગોળીબારની ઘટનાઓ સહિત તાજેતરના સુરક્ષા મુદ્દાઓની શ્રેણીનો ઉલ્લેખ કર્યો હતો. સિસોદિયાએ કહ્યું, 'ગુનેગારો પિસ્તોલ અને ગોળીઓ ચલાવતા ફરતા હોય છે. મેં દિલ્હીમાં આવું આતંકનું વાતાવરણ ક્યારેય જોયું નથી.' ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ઉપર બેદરકારીનો આરોપ લગાવતા સિસોદિયાએ કહ્યું કે, 'અમિત શાહને ચિંતા નથી, વડાપ્રધાનને ચિંતા નથી અને બીજેપી આરામથી સૂઈ રહી છે. જે માતા-પિતાના બાળકો અત્યારે સ્કૂલમાં છે તેમને ફોન કરો અને પૂછો કે શું ત્યાં દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા છે ?' તેમણે કહ્યું, 'અમે માંગ કરીએ છીએ કે દિલ્હી ઉપર ધ્યાન આપવામાં આવે. અમિત શાહના ગૃહ પ્રધાનના કાર્યકાળમાં આતંકનું જેટલું વાતાવરણ છે તેટલું અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી.' તેમણે સરકારને આ મુદ્દાને ઉકેલવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી અને જણાવ્યું કે 'આ વાતાવરણને ઠીક કરો.' દિલ્હીમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. ઓકટોબરમાં રોહિણીના પ્રશાંત વિહારમાં **CRPF** સ્કૂલની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં સ્કૂલની દિવાલ, નજીકની દુકાનો અને વાહનોને નુકસાન થયું હતું.

# નવસારીમાં પાર્કિંગ મામલે બે જૂથ વચ્ચે અથડામણ : પોલીસે સૂત્રોચ્ચાર કરનાર ટોળા સામે FIRની તજવીત શરૂ કરી



(જી.એન.એસ) નવસારી, તા.૧૨

પથ્થરમારાની ઘટનામાં એક મહિલા ઘાયલ થઈ નવસારીમાં મોડી રાત્રે પાર્કિંગ મામલે બે જૂથ વચ્ચે અથડામણફાટી નીકળતા પરિસ્થિતિ તંગ બની હતી. પોલીસે આ મામલે સુત્રોચ્ચાર કરનારા ૩૦૦ જણા સામે ફરિયાદ નોંધી છે. હાલત એટલી ખબાર હતી કે ખુદ જીં ડંડો લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગત રોજ એક વિવાદમાં એટ્રોસિટી એક્ટ હેઠળ કેસ નોંધાયા પછી, મોડી રાત્રે ટોળાએ રામ મંદિરમાં ભેગા થઈ રામધૂનનું આયોજન કર્યું હતું, જેના પછી ટોળા દ્વારા કાગદીવાડ તરફ ધસી જવાની ઘટના બની હતી. જેમાં જય શ્રી રામના નારા પોકારવામાં આવ્યા હતા. પોલીસે ટોળાને વિખેરવા કાર્યવાહી કરી પરંતુ આ દરમિયાન પથ્થરમારાની ઘટનામાં એક મહિલા ઘાયલ થઈ, જેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ વિસ્તારમાં શાંતિ જાળવવા માટે જિલ્લા પોલીસનો મોટો કાફલો ખડકી દેવાયો છે. પોલીસ તેમજ સ્થાનિક આગેવાનોએ લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મિડિયામાં ફેલાતી અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. દરગાહ રોડની હાલમાં સ્થિતિ નિયંત્રિત છે.નવસારી શહેરમાં આવેલા દરગાહ રોડ પરની પેન્ટરશેખની ગલીમાં રહેતા મયુરીબેન તથા તેમના પતિ વિમલભાઈ પટેલ સાથે તેમના ઘર પાસે ઉભા હતા. તે દરમિયાન આજ મોહલ્લામાં રહેતા શાહ નવાજ ભંડેરી તેની બાઈક પર બેસીને નીકળ્યો હતો અને વિમલ પટેલને તેની બાઈક નડતી હોવાથી સાઈટ ઉપર હટાવી લેવાનું કહ્યું હતું તે દરમિયાન શાહનવાઝે તેને ગાળો આપી અને મોબાઈલ ફોન કરીને તેના અન્ય સાગરિતોને બોલાવ્યા હતા. ટૂંક સમયમાં પાંચ સાગરીતો દોડી આવ્યા હતા અને વિમલ પટેલને ગાળો આપી માર મારવાની ધમકી આપી જાતિ વિષયક અપમાન કરતી ટીપ્પણી કરી હતી.જેના પગલે બન્ને પક્ષો વચ્ચે તંદેલી પ્રસરી હતી. આ બાબતે સોશિયલ મીડિયામાં કેટલાક પોસ્ટ ઝડપી વાયરલ થઈ હતી. પરિણામે ગઈકાલે રાત્રે પટેલ દંપતીના સમર્થન કરતું ૨૦૦નું ટોળુ નવસારી ટાઉન પોલીસ મથકે ઘસી જઈને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. બીજી તરફનું પણ યુવાનોના ટોળા પણ દરગાહ રોડ ઉપર ભેગા થતા પોલીસે ચુસ્ત ચાંપતો બંદોબસ્ત ગોઠવી બને પક્ષના ટોળાને વિખેરી દઈ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું, આ પ્રકરણમાં પોલીસે ગઈકાલે મયુરી વિમલભાઈ પટેલની ફરિયાદને આધારે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શાહ નવાજ ઇકબાલ શેખ અને રસીદા સમદની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય આરોપીઓને પકડવા માટે ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

ગત મોડી રાત્રે રામ મંદિરમાં મોટી સંખ્યામાં યુવાનો ભેગા થયા હતા અને ત્યાંથી રામધૂન બોલાવી સીધા દરગાહ રોડ વિસ્તારમાં પહોંચ્યા હતા અને જય શ્રી રામના નારા પોકારવામાં આવ્યા હતા,આ મામલે પોલીસે તાત્કાલિક તત્પરતા દાખવીને દરગાહ રોડ વિસ્તારમાં મોટો પોલીસ કાફલો ખડકી દીધો હતો અને ટોળાને નિયંત્રિત કરવા માટેના પગલાં લીધા હતા. આ મામલે સામ સામે નારે બાજી પોકારવામાં આવતા પોલીસે તાત્કાલિક ૨૦૦થી ૩૦૦ જેટલા ટોળા સામે એફઆઈઆર નોંધવાની તજવીત શરૂ કરી છે. બંને જૂથ સામ સામે આવી જતા જૂથ અથડામણ ન થાય અને કાયદાની વ્યવસ્થા જળવાઈ રહે તેમાં શહેરમાં શાંતિનો માહોલ જળવાઈ રહે તેમ જ અફવાઓ ફેલાય નહીં તે માટે ટોળાને વિખેરવામાં આવ્યા હતા. જે અંગેની હૈંઈ ટાઉન પોલીસ મથકમાં નોંધવામાં આવી છે. વીડિયોગ્રાફી તેમજ આજુબાજુના સીસીટીવી ફૂટેજના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.નવસારીના સોશિયલ મીડિયા ઉપર બંને ટોળા પૈકી કેટલાક લોકો દ્વારા શહેરની શાંતિ ડહોળવા માટે વિવાદિત લખાણ ફરતા કર્યા હતા. જેના આધારે અફવાઓનું બજાર ગરમ બન્યું હતું, આ મામલે બંને ટોળા પૈકી ઉશ્કેરણી જનક વાતાવરણ ઊભો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, જોકે પોલીસે એક્શનમાં આવી કાર્યવાહી હાથ ધરી હતી. નવસારી જિલ્લા પોલીસ અધીક્ષક સુશીલ અગ્રવાલ શહેરીજનોને અપીલ કરે છે કે, નવસારી શહેરના દરગાહ રોડ વિસ્તારમાં જે માથાકૂટ થઈ હતી. તે મામલે પોલીસે જવાબદારો સામે કાર્યવાહી કરી છે, ત્યાર બાદ સોશિયલ મીડિયા ઉપર અફવા ફેલાવવામાં આવી હતી તે મામલે પણ કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ ગત રાત્રે જે ટોળા દરગાહ રોડ પર ભેગા થયા હતા અને સામસામે સૂત્રોચ્ચાર કર્યા હતા, તેવા ૨૦૦થી ૩૦૦ જેટલા જવાબદારો સામે પણ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

# મહેસાણાના યુવકે કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે તેવી નવી મેડિકલ ટેક્નોલોજી પર સંશોધન કર્યું



(જી.એન.એસ) મહેસાણા, તા.૧૨

ગુજરાતી શું ન કરી શકે તેનું વધું એક ઉદાહરણ જોવા મળ્યું છે. ગુજરાતના એક યુવાને એવું સંશોધન કર્યું છે જે ભારતમાં કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે. તેની સાથે કેન્સરની સારવાર પર વિદેશી દવાઓ પરની નિર્ભરતા ઘટાડી ભારતને આ મોરચે આત્મનિર્ભર બનાવી શકે છે. ગુજરાતી શું ન કરી શકે તેનું વધું એક ઉદાહરણ જોવા મળ્યું છે. ગુજરાતના એક યુવાને એવું સંશોધન કર્યું છે જે ભારતમાં કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવી શકે છે. તેની સાથે કેન્સરની સારવાર પર વિદેશી દવાઓ પરની નિર્ભરતા ઘટાડી ભારતને આ મોરચે આત્મનિર્ભર બનાવી શકે છે. મહેસાણાના આ યુવકે તેની ટીમ સાથે મળીને એવું સંશોધન કર્યું છે જે વિજ્ઞાનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે. યુવા વૈજ્ઞાનિક હર્ષિલ દવેએ સંશોધન કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવશે. ગાંધીનગરમાં પીએચડી કરી રહેલા હર્ષિલ દવેએ કેન્સરની સારવાર માટે હાઈડ્રોજેલ સોલ્યુશન નામની નવી મેડિકલ ટેક્નોલોજી પર સંશોધન કર્યું છે. હર્ષિલ દવે બાયોમેડિકલ એન્જિનિયર છે અને ગાંધીનગરમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં પીએચડી કરી રહ્યા છે. હિતાશા વિઠ્ઠલાણી અને પ્રોફેસર મુકેશ ધાનક સાથે બે ગોલ્ડ મેડલ જીતનાર હર્ષિલ દવે કેન્સરની સારવારના ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. મેડિકલ ક્ષેત્રે સંશોધન માટે સરકારે ૧ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી. પરંતુ હર્ષિલ દવેની ટીમ હવે એક સંશોધન કરવામાં સફળ રહી છે જે માત્ર રૂ. ૫ લાખની નજીવી રકમથી કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવશે. તેમણે એક સફળ સંશોધન કર્યું છે જેના દ્વારા કેન્સરના દર્દીઓ મોંથી લઈને આંતરડા સુધીના તમામ કેન્સરની સારવાર સરળતાથી અને ઓછા ખર્ચે મેળવી શકે છે અને તે પણ મેડ ઈન ઈન્ડિયા ટેકનોલોજીથી. હર્ષિલ દવે અને તેમની ટીમ છેલ્લા દોઢ વર્ષથી કેન્સરની સારવાર માટે સંશોધન કરી રહી છે અને હવે તેઓ નાના-મોટા તમામ પ્રાણીઓ પર કેન્સરનું પરીક્ષણ કરવામાં સફળ થયા છે. હાલમાં, ભારત હાઈડ્રોજેલ સોલ્યુશનનો ઉપયોગ કરીને કેન્સરની સારવાર માટે વિદેશી તબીબી તકનીક પર નિર્ભર છે, જે ખૂબ ખર્ચાળ છે. તાજેતરમાં વિકસિત અને પ્રાણીઓ પર સફળતાપૂર્વક પરીક્ષણ પછી હર્ષિલ દવેની કેન્સરની સારવાર સંપૂર્ણપણે સરળ અને સલામત છે. વર્તમાન કેન્સરની સારવારમાં એન્ડોસ્કોપી દ્વારા નિદાન બાદ સારવાર આપવામાં આવે છે. પરંતુ આ સંશોધનમાં એન્ડોસ્કોપી દ્વારા જ આંતરિક રીતે સારવાર આપી શકાય છે. ઉપરાંત, કેન્સરની સારવારમાં કરવામાં આવેલા નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે આ સારવાર દરમિયાન આંતરિક રક્તસ્ત્રાવ થતો નથી અને કીમોથેરાપી લેવાની જરૂર નથી. આ દાવો કેન્સરની સારવારમાં સંશોધન કરનાર હર્ષિલ દવેએ કર્યો છે. આમ, ભારત જે હાલમાં કેન્સરની સારવાર માટે વિદેશો પર નિર્ભર છે, તે આવનારા સમયમાં નવી ટેકનોલોજી અને મેડ ઈન ઈન્ડિયા સારવારનો ઉપયોગ કરશે અને કેન્સર ક્ષેત્રે નવી સિદ્ધિઓ સાથે સમગ્ર વિશ્વ માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

# સાબરકાંઠામાં ઈડર ખેડબ્રહ્મા હાઈવે રોડ પર વડાલી રેલ્વે ફાટક નજીક ૨ વ્યકિતના મોત અને ૫ વ્યકિતઓ ઘાયલ થયાં



(જી.એન.એસ) સાબરકાંઠા, તા.૧૨

વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર વડાલી રેલ્વે ફાટક નજીક અંડરબ્રિજનું કામ ચાલી રહ્યું છે. રેલ્વે મંત્રાલય દ્વારા ખાનગી એજન્સીને અંડરબ્રીજ માટેનું ટેન્ડર પાસ કરવામાં આવ્યું છે. ત્યારે ટેન્ડર પ્રક્રિયા મુજબ કામગીરી ન થતી હોવાની રાવ ઉઠવા પામી છે. હાઈવે રોડ પર અંડરબ્રિજના કામના કારણે રોજબરોજ અકસ્માત થાય છે. સાબરકાંઠાના ઈડરખેડબ્રહ્મા હાઈવે રોડ પર વહેલી સવારે વડાલી રેલ્વે ફાટક નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા ૨ વ્યક્તિઓના ઘટના સ્થળે મોત ૧ વ્યક્તિ ગંભીરરીતે ઘાયલ થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક પોલીસ કર્મી ગંભીર રૂપે ઘાયલ થતા તેને હિંમતનગર સારવાર માટે ખસેડાયો છે. ત્યારે અકસ્માત માટે જવાબદાર તંત્ર સામે ઠોસ પગલાં ભરવા ઉગ્ર માંગ ઊઠી રહી છે, જોકે ખાનગી એજન્સીની બેદરકારીને પગલે અકસ્માતમાં ૨ ના મોત થતાં સમગ્ર વિસ્તારમાં ભારે હડકમ સર્જાયો છે. એક તરફ રાત્રિના સમયે વડાલી થી ખેડબ્રહ્મા તરફ ખાનગી કાર ચાલકને ડાઈવર્ઝનનો અંદાજ ન આવતાં કાર ઝાડ સાથે ટકરાઈ હતી. ત્યારે ખાનગી એજન્સી દ્વારા રેલવે અંડરબ્રિજનું કામ અત્યંત ગોકુળગતીએ ચાલતી હોવાના પગલે આજે ૨ વ્યક્તિઓના મોત થયા છે. ત્યારે મોત થવા માટે સૌથી મોટી જવાબદારી અંડરબ્રિજ બનાવનારાની બેદરકારી હોવાનું બહાર આવ્યું છે. એક તરફ રાત્રિના સમયે ડાયવર્ઝન ઉપર કોઈપણ પ્રકારની સુવિધા ન કરી હોવાના પગલે કાર ઝાડ સાથે અથડાતા ૨ વ્યક્તિઓના મોત થયા છે. ત્યારે બીજી તરફ અંડરબ્રિજનું કામ કરનાર ખાનગી કંપનીનો માલિક ભાજપા(મ્ત્ઁ) નો મળતિયો હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. એજન્સીનો માલિક અને ભાજપ(મ્ત્ઁ) સાથે સંકળાયેલ હોવાને પગલે કામમાં બેદરકારી દાખવી વાહન ચાલકોના જીવ જોખમે મૂકી ખાનગી એજન્સીનો માલિક અને સ્ટાફ હવામાં હવાતીયા મારી ટેન્ડર મુજબની કરવાની થતી કામગીરીમાં બેદરકારી દાખવી રહ્યો છે. ત્યારે કેટલાય હજારો વાહન ચાલકોના જીવ જોખમે મૂકી ખાનગી એજન્સીનો માલિક અને સ્ટાફ વાહન ચાલકો સહીત રાહદારીઓને જીવન સાથે રમત રમી રહ્યા છે.

### બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પરના હુમલાનો વિરોધ

# અમદાવાદમાં માનવ સાંકળ રચી કરાયું વિરોધ પ્રદર્શન

## બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા હુમલાને લઈને ભારતમાં થઈ રહેલ ઠેર-ઠેર વિરોધના અમદાવાદમાં પણ પડઘા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૧૨

બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા અત્યાચારો સામે નોઈડા, અંબાલા સહિત અમદાવાદમાં પણ વિરોધનો વંટોળ શરૂ થયો. હિન્દુ હિતરક્ષક સમિતિ દ્વારા આજે અમદાવાદમાં આ અત્યાચારો સામે વિરોધ નોંધાવવામાં આવશે. શહેરમાં ભારતીય જનતા પાર્ટી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ હિન્દુ હિતરક્ષક સમિતિ દ્વારા વલ્લભ સદન રિવરફ્રન્ટ ખાતે માનવ સાકળનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ખાસ સભાનું પણ આયોજન કરાયું હતું. જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા હુમલાને લઈને ભારતમાં થઈ રહેલ ઠેર-ઠેર વિરોધના અમદાવાદમાં પણ પડઘા પડ્યા. રિવરફ્રન્ટ ખાતે વિશાળ માનવ સાકળ રચી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.બાંગ્લાદેશમાં હિંદુઓનો નરસંહાર થઈ રહ્યો છે, જેના કારણે સમગ્ર સનાતની ભેગા થયા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા અટકાવવાનું નામ નથી લઈ રહી. આ જ કારણ છે કે ભારતમાં ગુસ્સો વધી રહ્યો છે. દેશના જુદા જુદા ભાગોમાં લોકોએ હિંસાનો વિરોધ કર્યો. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના પૂતળા બાળવામાં આવ્યા હતા. લોકોએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની પણ અપીલ કરી હતી.જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચારની ઘટનાઓ સતત વધી રહી છે. થોડા દિવસો પહેલા એક હિંદુ મંદિરમાં હુમલાખોર ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી, જે બાદ ભારતમાં સનાતનીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારની સખત શબ્દોમાં નિંદા કરતા સમગ્ર ભારતમાં તેના ઉગ્ર પડઘા પડી રહ્યા છે. ભારતમાં અનેક સ્થાનો પર વિરોધ પ્રદર્શન સાથે પગપાળા પદયાત્રા કાઢવામાં આવી હતી.આ સાથે તમામ હિંદુ સંગઠનોએ આ અત્યાચાર સામે લડત આપવા મોટા આંદોલનની ચીમકી આપી છે.

### સીસીટીવી કેમેરા દ્વારા કાર્યવાહી

# ટ્રાફિક પોલીસે કૃત્રિમ ટેક્નોલોજીથી સજ્જ ડેશ કેમેરાની મદદથી મેમો આપવાનું શરૂ કર્યું

## આ કેમેરા હેલ્મેટ વગરના ડ્રાઈવરો, ટ્રિપલ રાઈડર્સ અને રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરનારાઓને ટ્રેક કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૧૨

ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ડ્રાઈવરો સામે પગલાં લેવા માટે, પોલીસ અગાઉ ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા અને વાહનોની તપાસ કરતી હતી અને મેમો જારી કરતી હતી, પરંતુ હવે અમદાવાદ ટ્રાફિક પોલીસે કૃત્રિમ ટેક્નોલોજીથી સજ્જ ડેશ કેમેરાની મદદથી મેમો આપવાનું શરૂ કર્યું છે. આ કેમેરા હેલ્મેટ વગરના ડ્રાઈવરો, ટ્રિપલ રાઈડર્સ અને રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરનારાઓને ટ્રેક કરશે અને ફોટા આપોઆપ ક્લિક કરશે.

જેના આધારે મેમો તૈયાર કરીને મોકલવામાં આવશે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પોલીસ માત્ર ઈ-મેમો જ નહીં પરંતુ વાહનોનું ચેકિંગ કરતી વખતે મેમો પણ જારી કરે છે અને સીસીટીવી કેમેરા દ્વારા કાર્યવાહી કરે છે. ત્યારે શહેરમાં પ્રથમ વખત અમદાવાદ ટ્રાફિક પોલીસે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેશ કેમેરાની મદદથી ઈ-મેમો આપવાનું શરૂ કર્યું છે.

પોલીસ કમિશનર જી.એસ. મલિકે ડેશ કેમેરાથી સજ્જ ઈન્ટરસિટી વાહનને લીલી ઝંડી આપી હતી. આ AI આધારિત કેમેરો જ્યારે કાર રસ્તા પર આગળ વધી રહી હોય ત્યારે રેકોર્ડિંગ મોડમાં રહેશે અને તે ટ્રિપલ રાઈડિંગ, હેલ્મેટ વગરના ટુ-વ્હીલર સવારો અને રોંગ સાઈડમાં વાહન ચલાવતા વાહનોને ટ્રેક કરીને ફોટા ક્લિક કરશે. ડેશ કેમેરાથી ક્લિક કરાયેલા ચિત્રો અને રેકોર્ડિંગ્સ ક્લાઉડ સર્વર પર જશે અને ત્યાંથી NIC સર્વર પર જશે.

બાદમાં ટ્રાફિક સીસીટીવી કંટ્રોલ રૂમમાં વેરિફિકેશન કર્યા બાદ વન નેશન વન ચલણ હેઠળ ડ્રાઈવરને ઈ-મેમો મોકલવામાં આવશે. આ માટે એસએમએસ દ્વારા પણ માહિતી મોકલવામાં આવશે. પોલીસે તેને પ્રાયોગિક ધોરણે એસજી હાઈવે-૧ અને એસજી હાઈવે-૨ ટ્રાફિક પોલીસમાં લગાવ્યો હતો. જેમાં ઘણી સફળતા મળી હતી.

આગામી સમયમાં આ કેમેરામાં સેન્સર ઉમેરવામાં આવશે જેથી નો પાર્કિંગ અને ઓવર સ્પીડિંગ જેવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર નજર રાખી શકાય.

# સિંગર એપીએ કોન્સર્ટ દરમ્યાન મલાઈકાને સ્ટેજ પર બોલાવી અને મલાઈકાને આ વાત કહી



(જી.એન.એસ), મુંબઈ તા.૧૨

મલાઈકા અરોરા છેલ્લા કેટલાક સમયથી તેના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. પહેલા તે તેના પિતાના નિધનના સમાચારને કારણે હેડલાઈન્સમાં હતી અને હવે તે અર્જુન કપૂર સાથેના બ્રેકઅપને કારણે છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. અર્જુને પોતે એક દિવાળી પાર્ટી દરમિયાન કહ્યું હતું કે તે સિંગલ છે. આ પછી, મલાઈકા અને અર્જુનના બ્રેકઅપના સમાચારની પુષ્ટિ થઈ. હવે એપી ધિલ્લોનના કોન્સર્ટમાંથી મલાઈકાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ઈન્ડો-કેનેડિયન રેપર એપી ધિલ્લોને શનિવારે રાત્રે મુંબઈમાં શાનદાર કોન્સર્ટ કર્યો હતો. આ કોન્સર્ટમાં મલાઈકા અરોરા સહિત અનેક સેલિબ્રિટીએ હાજરી આપી હતી.

એપીએ કોન્સર્ટ દરમિયાન મલાઈકાને સ્ટેજ પર બોલાવી અને તેને એક ગીત પણ સમર્પિત કર્યું. આ દરમિયાન એપી ધિલ્લોને કહ્યું કે મલાઈકા અરોરા તેની બાળપણની ક્રશ હતી. એપી ધિલ્લોને મલાઈકા અરોરાને સ્ટેજ પર બોલાવી અને તેને ગીત 'વિથ યુ' સમર્પિત કર્યું. આ દરમિયાન મલાઈકા ખૂબ જ ગ્લેમરસ અંદાજમાં જોવા મળી હતી. બ્લેક ડ્રેસમાં કોન્સર્ટમાં પહોંચેલી મલાઈકા સ્ટેજ પર એપીના ગીતો પર ડાન્સ કરતી જોવા મળી હતી.

વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે બંને એકબીજાને ગળે લગાવે છે. મલાઈકા અને એપીના આ વીડિયો પર ઘણા લોકો કોમેન્ટ કરી રહ્યા છે.એકે લખ્યું, "દરેક છોકરી આ આલિંગનને પાત્ર છે." જ્યારે એકે લખ્યું, "સાદીએ હાનિયાની નકલ કરવાનું શરૂ કરી દીધું છે." એપી ધિલ્લોને કોન્સર્ટ દરમિયાન તેમના ઘણા હિટ ગીતો રજૂ કર્યા હતા. જેમાં આરોપી, બ્રાઉન મુંડે, વિથ યુ અને દિલ નુનો સમાવેશ થાય છે. અર્જુન કપૂર અને મલાઈકા અરોરાના બ્રેકઅપના સમાચાર ઘણા સમયથી આવી રહ્યા હતા. જો કે દિવાળીના અવસર પર અર્જુને આ વાતની પુષ્ટિ કરી હતી.

મલાઈકા અને અર્જુને વર્ષ ૨૦૧૮માં એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. જોકે આ સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં.

# બિહાર વિધાનસભાની ચૂંટણી આડે દસ મહિના બાકી પરંતુ રાજકીય ખટપટ ચાલુ છે

## આરજેડી, કોંગ્રેસથી લઈને ઓવૈસી સુધી તેઓ મુસ્લિમ વોટ બેંક પર જીત મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે જેડીયુ મૂંઝવણમાં છે



(જી.એન.એસ),
નવી દિલ્હી તા.૧૨

બિહાર વિધાનસભાની ચૂંટણી આડે હજુ દસ મહિના બાકી છે, પરંતુ રાજકીય શતરંજની પાટ હવે બિછાવી દેવામાં આવી છે. જ્યારે આરજેડી, કોંગ્રેસથી લઈને ઓવૈસી મુસ્લિમ વોટ બેંક પર જીત મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેડીયુ મૂંઝવણમાં છે. જેડીયુનો એક જૂથ એવું કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે કે તેને હવે મુસ્લિમ સમુદાયના વોટ નથી મળતા જ્યારે બીજો જૂથ કહી રહ્યો છે કે મુસ્લિમો નીતિશ કુમારને વોટ આપે છે. કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન ઉર્ફે લલન સિંહ બાદ સંજય ઝાએ ખુલ્લેઆમ કહ્યું કે ત્રહેંને ત્રહેં ક્વોટામાંથી મુસ્લિમ વોટ નહીં મળે તો નીતીશના કેબિનેટ મંત્રી જામા ખાન આ વાત માનવા તૈયાર નથી.

જેડીયુના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજને મુઝફ્ફરપુરમાં મુસ્લિમ મતોને લઈને મોટું નિવેદન આપ્યું હતું. જેડીયુના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝાએ બે દિવસ પહેલા રવિવારે સીમાંચલમાં કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરતા સીધો મુસ્લિમો પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે નીતીશ કુમારના નેતૃત્વમાં બિહાર સતત પ્રગતિ કરી રહ્યું છે, નીતીશ કુમારના શાસનમાં બિહારમાં ક્યારેય કર્ફ્યુ લગાવવામાં આવ્યો ન હતો અને તેમણે દરેક માટે કામ કર્યું હતું. જેમણે અત્યાર સુધી મતદાન કર્યું નથી અને તેમને લાગે છે કે નીતીશ કુમારે કામ કર્યું છે અને તમારી સેવા કરી છે, તો હવે અમે અપીલ કરીએ છીએ કે તમે આ વખતે નીતિશ કુમારને મત આપો. એક સવાલના જવાબમાં સંજય ઝાએ કહ્યું કે જેડીયુને મુસ્લિમોના વોટ નથી મળતા, એટલે જ વિપક્ષના વોટ મળે છે.

આમ છતાં અમે કહીએ છીએ કે આ વખતે ચોક્કસ મતદાન કરો. જેડીયુના નેતા અશોક ચૌધરીએ પણ કહ્યું હતું કે મુસ્લિમો જેડીયુને મત નથી આપતા, તેમાં કોઈ શંકા નથી. નીતિશ કુમારે જે રીતે લઘુમતીઓ માટે કામ કર્યું છે, તે પહેલાં ક્યારેય બન્યું ન હતું. જ્યારે લાલન સિંહ, અશોક ચૌધરી અને સંજય ઝા એ કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે કે મુસ્લિમ સમુદાય જેડીયુને મત નથી આપતો, જ્યારે જેડીયુની મુસ્લિમ લોબી એ સ્વીકારવા તૈયાર નથી કે મુસ્લિમો વોટ નથી આપતા. નીતીશ સરકારના મંત્રી જામા ખાને કહ્યું હતું કે બિહારમાં તમામ જાતિ અને ધર્મના લોકો જેડીયુને મત આપે છે, કારણ કે નીતિશ કુમારે ભેદભાવ વગર કામ કર્યું છે. તેમણે કહ્યું કે જેડીયુને મુસ્લિમોની સાથે દરેક જાતિ અને ધર્મના વોટ મળે છે, કારણ કે નીતિશ જાતિ અને ધર્મને ધ્યાનમાં રાખીને કામ નથી કરતા. આ સિવાય જેડીયુના અન્ય મુસ્લિમ નેતાઓએ પણ કહ્યું કે મુસ્લિમ વોટ પહેલા કરતા ઓછા મળી રહ્યા છે તેમ છતાં મુસ્લિમ વોટ નથી આપતા તે યોગ્ય નથી. બિહારમાં મુસ્લિમ વસ્તી લગભગ ૧૭.૭ ટકા છે, જે રાજકીય રીતે કોઈપણ પક્ષની રમત બનાવવા અથવા તોડવાની શક્તિ ધરાવે છે. બિહારની કુલ ૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી ૪૭ બેઠકો એવી છે જ્યાં મુસ્લિમ મતદારો નિર્ણાયક સ્થિતિમાં છે.

આ બેઠકો પર મુસ્લિમોની વસ્તી ૫૦ ટકાથી વધુ છે. બિહારમાં ૧૧ બેઠકો એવી છે કે જ્યાં ૪૦ ટકાથી વધુ મુસ્લિમ મતદારો છે અને ૭ બેઠકો પર ૩૦ ટકાથી વધુ છે. આ સિવાય ૨૯ વિધાનસભા સીટો પર ૨૦ થી ૩૦ ટકા મુસ્લિમ મતદારો છે. બિહારમાં મુસ્લિમ મતદારો લાંબા સમય સુધી કોંગ્રેસ સાથે રહ્યા, પરંતુ ૧૯૭૧ પછીથી દૂર થવા લાગ્યા. નેવુંના દાયકા સુધીમાં, મુસ્લિમ મત કોંગ્રેસથી સંપૂર્ણપણે દૂર થઈ ગયા અને જનતા દળની વોટબેંક બની ગયા. આ પછી જ્યારે લાલુ પ્રસાદ યાદવે આરજેડીની રચના કરી તો મુસ્લિમ મતોનો મોટો હિસ્સો તેમની સાથે ગયો.

મુસ્લિમો મજબૂત હતા, પરંતુ ૨૦૦૫માં નીતિશ કુમાર સત્તામાં આવ્યા પછી મુસ્લિમ મતોનો એક ભાગ જેડીયુ સાથે ગયો. નીતીશ કુમારે મુસ્લિમ વોટ બેંકને પોતાની સાથે જોડવા માટે પસમંદા મુસ્લિમની રમત રમી હતી. અલી અનવર અને એજાઝ અલી જેવા નેતાઓ દ્વારા, નીતિશે પસમંદા મુસ્લિમોના મોટા વર્ગ પર જીત મેળવી હતી. આવી સ્થિતિમાં જ્યાં સુધી મુસ્લિમ વોટબેંક જેડીયુ સાથે જોડાયેલી રહી ત્યાં સુધી એનડીએમાં નીતીશ કુમારની ભૂમિકા મોટા ભાઈની રહી. મુસ્લિમ મતો જેડીયુમાં શિફ્ટ થવાને કારણે આરજેડીની સ્થિતિ ખૂબ જ કફોડી બની હતી. નીતીશ કુમાર એનડીએમાં હોવાને કારણે ભાજપને પણ કેટલીક બેઠકો પર મુસ્લિમ મતો મળતા રહ્યા. ૨૦૧૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સાથે હોવા છતાં ત્રહેંને ૪૦ ટકા મુસ્લિમ વોટ મળ્યા હતા. ૨૦૧૫ની ચૂંટણીમાં, મુસ્લિમોએ આરજેડી-જેડીયુ-કોંગ્રેસ ગઠબંધન માટે સંપૂર્ણ મતદાન કર્યું હતું, પરંતુ ૨૦૧૭ માં, નીતિશે મહાગઠબંધન સાથેના સંબંધો તોડી નાખ્યા અને ભાજપમાં જોડાયા પછી, મુસ્લિમો નીતિશથી ભ્રમિત થઈ ગયા. ૨૦૧૯ની લોકસભા અને ત્યારપછીની ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મુસ્લિમ સમુદાય JDUથી દૂર ગયો. CSDS ડેટા અનુસાર, ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૭૭ ટકા મુસ્લિમ મતદારોએ મહાગઠબંધનને મત આપ્યો હતો, જ્યારે ૧૧ ટકા મુસ્લિમ મત ઓવૈસીના AIMIMને ગયા હતા. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં JDU, BJP અને BSP જેવા પક્ષો વચ્ચે ૧૨ ટકા મુસ્લિમ મતો વહેંચાયા હતા. જેડીયુએ ૧૧ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી, પરંતુ તે તમામને હારનો સામનો કરવો પડ્યો હતો. જેડીયુના ગઠન પછી આ પહેલો પ્રસંગ હતો જ્યારે નીતિશની પાર્ટીમાંથી કોઈ મુસ્લિમ જીતી શક્યો ન હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મુસ્લિમ મતદારોએ માત્ર કિશનગંજ સીટ પર જ જેડીયુના ઉમેદવારને કેટલાક વોટ આપ્યા હતા, જ્યારે અન્ય સ્થળોએ તેઓ જેડીયુ-ભાજપની વિરુદ્ધ ઉભા જોવા મળ્યા હતા.

આ સિવાય તાજેતરમાં બિહારની ચાર બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં મુસ્લિમ વોટબેંક ત્રહેંથી સંપૂર્ણપણે વિખેરાઈ ગઈ છે. મુસ્લિમ મતો ગુમાવ્યા બાદ પણ બિહારમાં નીતિશ કુમારની ત્રહેંની સ્થિતિ ત્રીજા નંબરની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. ૨૦૨૦ની ચૂંટણી પહેલા જેડીયુ હંમેશા ભાજપ કરતા મોટી પાર્ટી રહી છે. આ કારણે તેણે સત્તાના સિંહાસન પર પોતાની પકડ જાળવી રાખી હતી, પરંતુ ૨૦૨૦માં ૪૭ બેઠકો ઘટી જવાને કારણે રાજકીય ખેંચતાણ વધી ગઈ છે.

બિહારમાં મુસ્લિમ મતોને લઈને રાજકીય પક્ષો વચ્ચે ચેક-મેટની રમત ચાલુ હોવાથી, જેડીયુએ પણ તેની શક્યતાઓ શોધવાનું શરૂ કર્યું છે. આ માટે નીતીશ કુમારે પોતે જ પોતાના નેતાઓને મુસ્લિમોની વચ્ચે જઈને જણાવવાનો સંકેત આપ્યો હતો કે અમે ભાજપ સાથે રહીને પણ મુસ્લિમો માટે કેટલું કામ કર્યું છે. જેડીયુના મોટા નેતાઓ સંજય ઝા, લલન સિંહ અને અશોક ચૌધરીના નિવેદનોથી સ્પષ્ટ છે કે તેઓ કોઈપણ કિંમતે મુસ્લિમ વોટ બેંકને પાછી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે મુઝફ્ફરપુરમાં લલન સિંહ અને સીમાંચલમાં સંજય ઝા કહી રહ્યા છે કે સીએમ નીતિશ કુમારે મુસ્લિમ સમુદાય માટે જેટલું કામ કર્યું છે એટલું કોઈએ કર્યું નથી. આવી સ્થિતિમાં હવે જોવાનું એ રહે છે કે JDU ફરીથી મુસ્લિમોનો વિશ્વાસ જીતી શકશે કે નહીં?

# તોડબાજીની ફરિયાદના આધારે ૧૩ પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી




(જી.એન.એસ)
અમદાવાદ, તા.૧૨

ગુજરાત પોલીસના ઈતિહાસમાં પ્રથમ વખત આવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડાને મળેલી તોડફોડની ફરિયાદના આધારે ૧૩ પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત પોલીસના ઈતિહાસમાં પ્રથમ વખત આવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડાને મળેલી તોડબાજીની ફરિયાદના આધારે ૧૩ પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ૧૩ પોલીસકર્મીઓની મિલકતોની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ડીજીપીએ સ્ટેટ મોનિટરિંગ સેલને તપાસના આદેશ આપ્યા છે. તેમજ ૧૩ સંચાલકોની બદલીના આદેશ બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ ૧૩માંથી ૩ પોલીસકર્મી કાયદાકીય મદદ લેવા ગયા હતા ત્યારે આવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ શહેરમાં પોલીસ સંચાલકો વચ્ચે પણ વિવાદ વધ્યો છે. ૧૩ સંચાલકોની બદલી બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. ઉપરાંત તેમની સંપત્તિની પણ તપાસ કરવામાં આવશે. ત્યારે ગુજરાત પોલીસના ઈતિહાસમાં પ્રથમ વખત આવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉપરાંત, એસએમસીએ જિલ્લા એસપીઓ પાસેથી માહિતી માંગી છે. રાજ્યના પોલીસ વડાનો આ આદેશ તાજેતરમાં ચર્ચાનો વિષય બન્યો છે. રાજ્ય સરકારે વર્ગ ૩ ના કર્મચારીઓ માટે કર્મયોગી એપ્લિકેશનમાં મિલકતની વિગતો ભરવાનું ફરજિયાત બનાવવાનો મહત્વનો નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ વતી એક પરિપત્ર બહાર પાડીને વર્ગ ૩ ના કર્મચારીઓ માટે સરકારી કર્મચારીઓ માટે કરવામાં આવેલી કર્મયોગી અરજીમાં મિલકતની વિગતો ભરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.કર્મચારીઓએ આગામી ૧૫ જુલાઈ સુધી વર્ગ ૩ના તમામ કર્મચારીઓને મિલકત અંગેની વિગતો ભરવાની રહેશે. અગાઉ ભરતી અને બઢતીના નિયમમાં સુધારો કરાયો હતો.

### વધુ એક છેતરપિંડીનો કીસ્સો સામે આવ્યો

# અમદાવાદમાં બન્ટી બબલીએ અનેક લોકોને લગાવ્યો ચૂનો

## દુબઈમાં ધંધામાં રોકાણ કરવાના બહાને લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવી લીધા હોવાનુ તપાસમાં ખૂલ્યુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૨

અમદાવાદના EOW પોલીસ મથકમાં રોકાણકારોએ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે પંજાબથી પતિ પત્નીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં રહેતા સૌરીન પટેલ અને તેમના પત્ની અક્ષીતા પટેલ દ્વારા વર્ષ ૨૦૨૧ માં એન્જલ ફિન્ટેક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી હતી. જે બાદ તેઓએ અલગ અલગ લોકોનો સંપર્ક કરી તેમને દુબઈમાં ધંધામાં રોકાણ કરવાનું કહી ઊંચું વળતર આપવાની લોભામણી લાલચ આપી હતી. જેથી ઘણા બધા લોકોએ પોતાની મૂડી આ બંટી બબલીની લાલચમાં આવી અને રોકાણ કરી હતીજોકે શરૂઆતમાં આ પતિ પત્ની રોકાણકારોને યોગ્ય વળતર આપતા હતા, જે બાદ રોકાણકારોને વળતર આપવાનું બંધ કરી દેતા તેઓની સાથે છેતરપિંડી થઈ હોવાનું ખ્યાલ આવ્યો હતો અને રોકાણકારોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર મામલે ફરિયાદ નોંધી સૌરિન પટેલ અને અક્ષીતા પટેલની પંજાબથી ધરપકડ કરી છે. આ બંને વિરુદ્ધ ૧૫ જેટલા ફરિયાદીઓએ ફરિયાદ નોંધાવી અને ત્રણ કરોડ પચાસ લાખથી વધુની રકમની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ અને બંટી બબલીની પૂછપરછમાં સામે આવ્યું કે આ બંટી બબલી લોકોનો સંપર્ક કરી તેમનું આધારકાર્ડ અને પાનકાર્ડ માંગતા હતા, જેના આધારે તેઓ તેમના બેંક એકાઉન્ટ માંથી ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાવતા હતા. જે ક્રેડિટ કાર્ડની રકમ પોતે રાખતા હતા અને તેના બદલામાં જે તે વ્યક્તિને ૧૦% વળતર આપતા હતા. શરૂઆતના સમયમાં ક્રેડિટ કાર્ડમાં યોગ્ય રીતે પેમેન્ટ કરતા અને ક્રેડિટ કાર્ડની લિમિટમાં વધારો કરાવતા હતા ક્રેડિટ કાર્ડની લિમિટ વધતા આખરે મોટી રકમ ક્રેડિટ કાર્ડ માંથી ઉપાડી તેઓ ભરપાઈ કરતા નહીં, તો અમુક લોકોના બેંક એકાઉન્ટ્સ અને ક્રેડિટ માંથી તેઓ દ્વારા પર્સનલ લોન પણ મેળવી હતી. આ તમામ રૂપિયાઓ પોતે દુબઈના ધંધામાં રોકતા હોવાનું રોકાણકારોને જણાવતા હતા

પોલીસની પ્રાથમિક તપાસમાં સૌરીન અને અક્ષીતા દ્વારા આચરેલા કૌભાંડમાં અંદાજિત ૪૦ જેટલા લોકો ભોગ બન્યા હોવાની માહિતી સામે આવી છે. બંને પતિ પત્નીએ ત્રણ વર્ષ સુધી લોકોના ક્રેડિટ કાર્ડ માંથી પૈસા મેળવતા રહ્યા અને આખરે જાન્યુઆરી ૨૦૨૪ માં તેઓ અમદાવાદ છોડી નાસી ગયા હતા. બંટી બબલી અમદાવાદથી પંજાબ ખાતે રહેવા લાગ્યા હતા અને ત્યાં સૌરીન કાર ડ્રાઈવિંગ કરતો હતો તેમજ પત્ની અક્ષીતા ખાનગી કંપનીમાં નોકરી કરતી હોવાનું પોલીસને જાણ થતા પોલીસે તેની ધરપકડ કરી હતી. હાલ તો પોલીસે ભોગ બનનાર ૧૫ જેટલા લોકોની ફરિયાદ નોંધી છે, જેમાં ૩.૫૦ કરોડથી વધુની રકમની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. જ્યારે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે સૌરીન અને અક્ષીતા દ્વારા અન્ય કોઈ લોકો પાસેથી છેતરપિંડી કરવામાં આવી હોય તો તેઓ પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે, તેમજ પોલીસે સૌરીન અને અક્ષીતાની ધરપકડ કરી લોકોના રૂપિયા ક્યાં વાપરવામાં આવ્યા છે તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તેને લઈને પૂછપરછ શરૂ કરી છે.

# સાબરકાંઠામાં બે જગ્યાએ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયાં



(જી.એન.એસ)
સાબરકાંઠા, તા. ૧૨

રાજયમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. સાબરકાંઠાના વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર આજે અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ ગંભીર અકસ્માતમાં ૨ લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય એક અકસ્માતમાં જૂનાગઢમાં યુવતીનું મોત થયું હતું. રાજયમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. સાબરકાંઠાના વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર આજે અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ ગંભીર અકસ્માતમાં ૨ લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય એક અકસ્માતમાં જૂનાગઢમાં યુવતીનું મોત થયું હતું. સાબરકાંઠાના વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર ભીષણ અકસ્માત સર્જાયો હતો. વડાલી રેલ્વે ફાટક પાસે કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ઘટના બની હતી. જેમાં પોલીસ નેમ પ્લેટવાળી કારને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં કાર ઝાડ સાથે અથડાતા બે લોકોના મોત થયા હતા. અને ૧ વ્યક્તિ ઘાયલ થયો હતો. વડાલી પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતકો મૂળ બનાસકાંઠાના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યારે મોડી રાત્રે બનેલા અકસ્માત બાદ હાઈવે ઓથોરિટી પર સવાલો ઉભા થયા છે. આ ગંભીર અકસ્માતમાં ૨ લોકોના મોતથી પરિવારમાં શોકનો માહોલ છે. તે સમયે, પ્રાથમિક માહિતી મળી હતી કે કારમાં સવાર ત્રણ લોકોમાંથી એક પણ પોલીસમાં નથી. જેના કારણે પોલીસ કોન્સ્ટેબલ ન હોવા છતાં ખાનગી કાર પર કોની પોલીસ નેમ પ્લેટ છે તેવો પ્રશ્ન ઉભો થયો છે. આ ઉપરાંત જૂનાગઢમાં એક અકસ્માતમાં યુવતીનું મોત નીપજ્યું હતું.

ચોકી ગામના બસ સ્ટોપ પાસે ઘટના બની હતી. ખાનગી બસે બે બહેનોને અડફેટે લીધી હતી. બંને બહેનો બસની રાહ જોઈને ઊભી હતી. અકસ્માતમાં એકનું મોત થયું છે અને એક ઈજાગ્રસ્ત થઈ છે. બેફામ બસ ચલાવનારા સામે કાર્યવાહી કરવા માંગ છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી ૨૩ વર્ષીય તૃપ્તિબેન વઘેરા નામની યુવતીનું મોત થયું છે. જ્યારે ૨૮ વર્ષીય ભૂમિકાબેન વઘેરા નામની યુવતી ઈજા પામી છે. આ રીતે અત્યંત જોખમી રીતે બસ ચલાવનારા બસ ચાલકો સામે કાર્યવાહી કરવાની માંગ છે. અવારનવાર ચોકી ગામ નજીક આ પ્રકારની ઘટના બને છે.

# ભાવનગરમાં ૨૨ વર્ષીય યુવતી સાથે શારીરિક અડપલાનો પ્રયાસ યુવક સામે ગુનો નોંધાયો

(જી.એન.એસ)
ભાવનગર, તા. ૧૨

રાજ્યમાં યુવતીઓ સાથે વારંવાર શારીરિક અડપલાંની ઘટના ઘટતી હોય છે. ત્યારે વધુ એક આવી ઘટના ભાવનગરમાં ઘટી હતી. ભાવનગરમાં યુવતી સાથે શારીરિક અડપલાની ઘટના સામે આવી હતી. ત્યારે સમગ્ર ઘટનામાં યુવક સામે ગુનો નોંધીને પોલીસ તપાસ હાથ ધરી છે. ભાવનગર શહેરના વરતેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં યુવતી સાથે શારીરિક અડપલાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ૨૨ વર્ષની દીકરી જ્યારે પાણી ભરવા માટે ગઈ હતી તે સમયે આ ઘટના બની હતી. યુવતી પાણી ભરવા ગઈ ત્યારે શખ્સે દાનત બગાડી હતી. જે બાદ પીડિતા યુવતી જેમતેમ કરીને શખ્સના સકંજામાંથી નાસી છૂટી હતી. ત્યારે હાલ પીડિતાને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સમગ્ર ઘટનાને લઈ દિકરીએ પરિવારજનોને વાતની જાણ કરતા તેઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે આ ઘટનાને લઈ વરતેજ પોલીસે ધુધા ચારોલીયા નામના શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આની પહેલા પણ અંદાજે ૧૦ થી ૧૨ દિવસ અગાઉ ભાવનગર ના વરતેજ વિસ્તારમાં બાળકી પર દુષ્કર્મની ઘટના સામે આવી હતી. પાડોશમાં રહેતા ૨૧ વર્ષીય યુવકે ચારથી પાંચ વર્ષની બાળકીને ચોકલેટની લાલચ આપી બોલાવી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ બાદ બાળકીની સ્થિતિ નાજુક હોવાથી તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. પોલીસે સમગ્ર મામલે પાડોશી યુવક સામે પોક્સો હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ આચરી હતી. ભાવનગરમાં જેમ કે ગુનેગારોને તંત્રનો કે કાયદાનો કોફ ના રહ્યો હોય તેવી રીતે ગુનાઓ આચરી રહ્યા છે.

### અમદાવાદમાં ચોપી રોગચાળાનો ભરડો

# અમદાવાદની સોલા સિવિલમાં ૧૯૫૦ કેસ નોંધાવા પામ્યા

## મેલેરિયાના ૪૯૦ શંકાસ્પદ કેસો પૈકી ૧૬ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા : વાઈરલ ઈન્ફેક્શનના ૧૪૬૩ કેસ



(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૨

શિયાળાની ઋતુ એટલે શાકભાજી અને ફળફળાદિ માણવાની સાથે તંદુરસ્ત રહેવાની ઋતુ. પરંતુ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઠંડીનો પારો ગગડી રહ્યો છે. જેના લીધે વ્યક્તિને શરદી, ખાંસી, કફ, તાવ જેવી બીમારી જોવા મળતી રહી છે. હાલ અમદાવાદમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગત મહિના કરતાં આ અઠવાડિયે વાઈરલ ઈન્ફેક્શન કેસોમાં વધારો જોવા મળ્યો છે. જેમાં અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં મેલેરિયા અને વાઈરલ ઈન્ફેક્શનના આશરે ૧૯૫૦ થી પણ વધુ કેસ નોંધાયા છે.

સોલા સિવિલમાં નોંધાયેલ કેસોમાં મેલેરિયાના ૪૯૦ શંકાસ્પદ કેસો પૈકી ૧૬ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે વાઈરલ ઈન્ફેક્શનના ૧૪૬૩ જેટલા કેસ નોંધાયા છે. આ સાથે ડેન્ગ્યુના ૧૧૨ શંકાસ્પદ કેસો પૈકી ૩ કેસ પોઝિટિવ આવ્યા છે. તેમજ ચિકનગુનિયાના ૧૫ જેટલા કેસ નોંધાયા છે. જેમાંના એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ પણ આવ્યો છે. આ સાથે OPD ના ૧૧,૦૮૯ કેસ અને IPD ના ૧૦૮૯ કેસ નોંધાયા છે. જેની સંખ્યા ગત અઠવાડિયા જેટલી જ નોંધાઈ છે. આ સિવાય ઝાડા-ઉલ્ટીના ૩ કેસ, ટાઈફોઈડના ૩ કેસ અને વાઈરલ હિપેટાઈટિસના ૬ કેસ નોંધાયા છે. મહત્વની વાત તો એ છે કે સોલા સિવિલમાં આ અઠવાડિયામાં સ્વાઈન ફ્લૂના લક્ષણ ધરાવતા એક પણ દર્દીનો કેસ નોંધાયો નથી.

આ અંગે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. દેવાંગભાઈ શાહ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, હાલ ઠંડીની સીઝન ચાલી રહી છે. ત્યારે આ વાતાવરણની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડતી હોય છે. જેના લીધે નાની-મોટી બીમારી જોવા મળતી હોય છે. ખાસ કરીને આ સમયે શરદી, ખાંસી, તાવ, વાઈરલ ઈન્ફેક્શન જેવી બીમારી જોવા મળતી હોય છે. તેથી દરેક વ્યક્તિએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે અને ખાસ કરીને ગરમ ફૂંફાળું પાણી પીવાનો આગ્રહ રાખવો જોઈએ.

અર્બન હેલ્થ સેન્ટર ગોતાના આરબીએસકે મેડિકલ ઓફિસર બ્રિન્દાબેન હાથી સાથે વાત કરતા જણાવ્યું કે, સામાન્ય રીતે શિયાળાની ઋતુ સ્વાસ્થ્ય માટે ઉત્તમ મનાય છે. પરંતુ ઠંડીની ઋતુમાં સ્વાસ્થ્યનું પૂરતું ધ્યાન રાખવામાં ન આવે તો વ્યક્તિને નાની-મોટી બીમારી જેવી કે શરદી, ખાંસી, તાવ, મેલેરિયા, વાઈરલ ઈન્ફેક્શન વગેરે થવાનું જોખમ વધી જાય છે. તેથી આ બીમારીઓથી બચવા વ્યક્તિએ સૌથી પહેલા ઠંડીથી રક્ષણ મેળવવા માટે ગરમ કપડાં પહેરવા જોઈએ.

આ સાથે બહાર જતી વખતે નાક અને કાન ઢંકાય તે રીતે તેને ટોપી કે મફલરથી ઢાંકવા જોઈએ.

જો વાહન પર જતી વખતે અથવા ચલાવતી વખતે શક્ય હોય તો હેલ્મેટ પહેરો. આ સાથે શરીરને તંદુરસ્ત રાખવા દરરોજ સવારે યોગ-પ્રાણાયમ કે હળવી કસરતો કરો. તેમજ શરીરને યોગ્ય પોષણ મળી રહે તે માટે લીલા પાંદડાવાળા શાકભાજી, સૂપ, સલાડ, અળદિયા પાક વગેરેનું સેવન કરો. રાત્રે સૂતી વખતે શરીર ઢંકાય તે રીતે નાઈટ ડ્રેસ પહેરીને સૂવો. તેમજ મચ્છરજન્ય કોઈ રોગ ન ફેલાય તે માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો. દિવસ દરમિયાન ગરમ હૂંફાળા પાણીનું સેવન કરો. ચા કે કોફીમાં આદુ, સૂંઠ, તુલસી વગેરે નાખીને પીવાનો આગ્રહ રાખવો.

આ સિવાય હૃદય અને શ્વાસની બીમારીવાળી વ્યક્તિએ નિયમિત ડોક્ટરની તપાસ કરાવવી જોઈએ. તેમજ તેમણે નિયમિતપણે એક્સરસાઈઝ કરવી જોઈએ. વધુમાં જો કોઈ વ્યક્તિને અન્ય કોઈ તકલીફ જણાય તો તેમણે નજીકના સારવાર કેન્દ્રમાં જઈને ચોક્કસ સારવાર કરાવી લેવી જોઈએ. જો શક્ય હોય તે એકવાર મેડિકલ ટેસ્ટ પણ કરાવી લેવો. આનાથી કોઈ ગંભીર બીમારીના લક્ષણો જણાય તો તેનું પ્રાથમિક તબક્કે નિદાન કરી વધતી બીમારીને અટકાવી શકાય છે.

# કચ્છમાં ફરી નકલી રોયલ્ટી કૌભાંડ ઝડપાયું તેમાં લાખોની ઠગાઈ થઈ




(જી.એન.એસ)

કચ્છ, તા. ૧૨

રોયલ્ટી પાસ અન્ય વ્યક્તિઓને ગેરકાયદેસર રીતે આપ્યા હોવાની ગેરરીતિ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમે અંજારમાં નકલી રોયલ્ટી કૌભાંડ ઝડપી પાડ્યું છે. ખનીજ માફિયાઓ ગેરકાયદેસર ખનીજ પરિવહન કરવા માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા છે. સરકારના ધારા ધોરણ મુજબ ખનીજની રોયલ્ટી ભરવી ન પડે તે હેતુથી આરોપીઓ દ્વારા નકલી રોયલ્ટી બનાવવામાં આવી હતી.નકલી રોયલ્ટીને લઈ ૫ શખ્સો વિરુદ્ધ અંજાર પોલીસ મથકે ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ફરિયાદ દાખલ કરાઈ છે. બનાવને લઈ ૨ લીઝ ધારક, પાવરદાર, વાહન માલિક, વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે. કિરણબેન ગજ્જર, જગદીશભાઈ ચોટારા, ચમનલાલ હડીયા, પ્રદીપ પટેલ અને મુકેશ હડીયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાઈ છે. ૨૧/૧૧/૨૦૨૪ના રોજ અંજારના તુણા પોર્ટ રોડ ખનિજ ચોરી અંગે ફ્લાઈંગ સ્કવોર્ડ અને પૂર્વ કચ્છ ખનિજ વિભાગની તપાસમાં સમગ્ર ભોપાળું બહાર આવ્યું છે. ૪ વાહનો રોયલ્ટી પાસ કરતા વધુ બ્લેકટ્રેપ ખનિજ ભરેલ મળી આવેલા હતા.જેમાં પ્રદીપ પટેલ નામનો વાહન ચાલક નકલી રોયલ્ટી પાસ સાથે ગેરકાયદેસર રીતે બ્લેક ટ્રેપ પરિવહન કરતો હોવાનું સામે આવ્યું હતું. જીજે-૧૨-બીઝેડ-૯૭૩૦ના ચાલક પ્રદીપ પટેલે તપાસ ટીમ સમક્ષ નકલી રોયલ્ટી બતાવી હતી. રોયલ્ટી પાસ બનાવટી હોવાનું જણાતા હોવા છતાં ખનીજ ઓવરલોડ વહન કરવા અંગેનું ખોટુ સોગંદનામું રજુ કરી ટ્રક નંબર જીજે-૧૨-બીઝેડ-૯૭૩૦માં કુલ ૪૨.૭૭ મેટ્રીક ટન બ્લેક ટ્રેપ ખનીજ વહન કરી ૩,૧૯,૭૭૯ની ખનીજ ચોરી કરી ગુનો કર્યો હતો. પૂર્વ ખાણ ખનીજએ નાગલપર મોટીમાં સર્વે નંબર ૧૬૨ પૈકી બ્લેક ટ્રેપ લીઝ ધરાવતા કિરણબેન ગજ્જર તેના પાવરદાર જગદીશભાઈ ચોટારાઓને ફાળવેલ રોયલ્ટી પાસ અન્ય વ્યક્તિઓને ગેરકાયદેસર રીતે આપ્યા હોવાની ગેરરીતિ સામે આવી હતી. ફ્લાઈંગ સ્કવોર્ડ તપાસમાં સ્પેશિયલ સિક્યુરીટી પેપર (SSP)ના ૧૭૨ કોરા પેપર્સ મિસિંગ મળ્યા હતા. ૧૭૨ જીજૅ પેપર કોના કબ્જા ભોગવટામાં છે કે તેનો ઉપયોગ કઈ રીતે કરેલો છે તે બાબતે કોઈ સચોટ કે સત્ય હકીકત આરોપીઓએ જણાવેલી નથી. આરોપીઓ વિરુદ્ધ ગુજરાત ખનીજ નિયમ-૨૦૧૭, માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરાઈ છે.

## કલોલના બિલેશ્વરપુર ગામે પેટા આરોગ્ય કેન્દ્ર તથા ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટીના દફતરની મુલાકાત લેતા ગાંધીનગર જિલ્લા કલેકટર





(જી.એન.એસ)

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે. દવે દ્વારા ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં અચાનક મુલાકાત લેવાનો સિલસિલો યથાવત છે.

જિલ્લાના નાગરિકો માટે ઊભી કરેલી સગવડો નાગરિકોને યોગ્ય રીતે મળે છે કે કેમ! તથા સરકારી તંત્ર દ્વારા યોગ્ય કામગીરી થાય છે કે નહીં, તે તપાસવાના હેતુ અને મંથરગતિથી ચાલતી કાર્યપદ્ધતિને ગતિમાં લાવી નાગરિકોના કામ સમયસર થાય તથા યોજનાકીય લાભો સમયસર મળી રહે તે માટે આવી ઓચિંતી મુલાકાતોનો દોર કલેકટર શ્રી ગાંધીનગર દ્વારા શરૂ કરાયો છે. જેના ભાગરૂપે કલેકટર શ્રી ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના બિલેશ્વરપુર ગામની મુલાકાત કરવામાં આવી. તા.૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના બિલેશ્વરપુર ગામની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સૌપ્રથમ ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટીશ્રીના દફતરની સામાન્ય દફતર તપાસણી કરવામાં આવી. આ તપાસણી અંતર્ગત ખાસ કરીને મહેસુલ વસૂલાતની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ બિલેશ્વરપુરા ગામમાં કાર્યરત પેટા આરોગ્ય કેન્દ્રની મુલાકાત પણ કલેકટરશ્રી દ્વારા લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ પેટા આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ દવાઓ તેમજ ત્યાં આપવામાં આવતી સારવારની સમીક્ષા કરી હતી. આ સાથે જ તેમણે ગામના વડીલો, આગેવાનો, બહેનો, માતાઓ સાથે સંવેદના સભર સંવાદ કરી ઉપલબ્ધ સુવિધા-સેવાઓની ગુણવત્તા, નિયમિતતા અંગે પ્રશ્નોની ચર્ચા કરી સૌના પ્રતિભાવો પણ મેળવ્યા હતા ?.

અંતે કલેકટરશ્રીએ દરેક કર્મચારીઓને 'જન સેવા થકી જ પ્રભુ સેવા' એમ જણાવતા, નિષ્ઠાથી અને પૂરી લગનથી નાગરિકોની સુખાકારીને ધ્યાને રાખી કાર્ય કરવા પ્રોત્સાહિત પણ કર્યા હતા.

# દાહોદમાં રેલવે કોલોનીમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગના નેટવર્કનો પર્દાફાશમાં ૨૩ સિલિન્ડર જપ્ત



(જી.એન.એસ)

દાહોદ, તા.૧૨

પુરવઠા તેમજ મામલતદારની ટીમે રેલવે કોલોનીમાં દરોડા પાડી ગેસ રિફિલિંગની મોટર સહિતનો સામાન જપ્ત કર્યો દાહોદમાં રેલવે કોલોનીમાં આવેલા સરકારી ક્વાટરમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગના રેકેટનો પર્દાફાશ થયો છે. દાહોદ મામલતદાર તેમજ પુરવઠાની ટીમે બાતમીના આધારે શહેરના પરેલ વિસ્તારમાં આવેલા રેલવે ક્વાટર્સ તેમજ ભોઈવાડા સ્થિત નજમી મહોલ્લામાં દરોડા પાડી ૨૩ જેટલા ગેસ સિલિન્ડરો તેમજ ગેસ રિફિલિંગ કરવા માટેની મોટર તથા પાઈપ સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદમાં છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદેસર ગેસ રિફિલિંગનું રેકેટ ચાલી રહ્યું હતું જેની બાતમી દાહોદ મામલતદાર તેમજ પુરવઠા વિભાગને મળતા પુરવઠા વિભાગના ઈન્સ્પેક્ટર હાર્દિક જોશી, શૈલેષભાઈ, દુષ્યંતભાઈ ગરાસીયા, તેમજ દાહોદ મામલતદાર પ્રદિપસિંહ ગોહિલ સહિતની ટીમે દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં આવેલા રેલવે ક્વાટર્સ નંબર ઈ૭૮૭ ઠાકોર તેજવીરસિંહ પંચમસિંહના ત્યાં દરોડા પાડી ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કરવાની પાઈપ મોટર તેમજ ઘરેલુ ગેસના ૯ ભરેલા અને ૪ ખાલી તેમજ ત્રણ ભરેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેવી જ રીતે શહેરના ભોઈવાડા વિસ્તારમાં આવેલા નજમી મોહલ્લામાં કુતુબુદ્દીન નામના ઈસમના ઘરે દરોડા પાડી ૫ ઘરેલુ ગેસના તેમજ ૨ કોમર્શિયલ સિલિન્ડર મળી કુલ ૨૩ જેટલા ગેસ સિલિન્ડર જપ્ત કરી જે તે ગેસ એજન્સીમાં જમા કરાવી ઉપરોક્ત બંને ઈસમો સામે મામલતદાર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રક્તપિત્તમુક્ત જિલ્લાના લક્ષ્ય સાથે અમદાવાદનું જિલ્લા આરોગ્ય તંત્ર સજ્જ

## ૧૨થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નવ તાલુકાનાં ૨૭ ગામોમાં શંકાસ્પદ કેસોની તપાસ કરાશે

(જી.એન.એસ)

અમદાવાદ, તા.૧૨

આ કેમ્પેઈનમાં જિલ્લાની ૬૪ ટીમ દ્વારા ૨૭ ગામના ૭૯૧૯ પરિવારના ૪૦,૭૩૭ લોકોની તો એએમસી દ્વારા ૧૭૭ ટીમ થકી ૮૧,૮૨૨ લોકોની સઘન આરોગ્ય ચકાસણી કરવામાં આવશે જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઈન અંગે બેઠક યોજાઈ વર્ષ ૨૦૨૭ સુધીમાં રક્તપિત્તમુક્ત ભારતના વિઝનને સાકાર કરવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર તથા આરોગ્ય તંત્ર દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવે છે. રક્તપિત્તનું સમયસર નિદાન થઈ જાય અને યોગ્ય સારવાર મળી જાય તો તેનાથી વહેલીતકે મુક્તિ મેળવી શકાય છે તથા કોઈ પણ જાતની ખોડખાંપણ નિવારી શકાય છે. રક્તપિત્તના શંકાસ્પદ કેસોને શોધીને સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી ૧૨મી ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન 'લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઈન' (એલસીડીસી)નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઈન અંગે બેઠક યોજવામાં આવી હતી. કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કેમ્પેઈનની રૂપરેખા અંગે જાણકારી મેળવીને આ કેમ્પેઈનને વધારે સુવ્યવસ્થિત અને સઘન બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યાં હતાં. ૧૨થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ કેમ્પેઈન અંતર્ગત અમદાવાદ જિલ્લાના નવ તાલુકાનાં ૨૭ ગામોમાં શંકાસ્પદ કેસોની તપાસ કરાશે. આ કેમ્પેઈનમાં જિલ્લાની ૬૪ ટીમ દ્વારા ૨૭ ગામના ૭૯૧૯ પરિવારના આશરે ૪૦,૭૩૭ લોકોની આરોગ્યની તપાસ હાથ ધરાશે તો સાથે સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ આ દિવસોમાં ૧૭૭ ટીમ થકી ૮૧,૮૨૨ લોકોનું હેલ્થ સ્ક્રીનિંગ હાથ ધરાશે. અમદાવાદ જિલ્લોમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં રક્તપિત્તના માત્ર ૭ નવા કેસ સામે આવ્યા છે. શહેરી વિસ્તારની વાત કરીએ તો અમદાવાદ શહેરમાં રક્તપિત્તના ૩૦ નવા કેસ જોવા મળ્યા છે. અલબત્ત, દર ૧૦,૦૦૦ની વસ્તીની દૃષ્ટિએ કેસની સંખ્યા જોઈએ તો અમદાવાદ જિલ્લામાં રક્તપિત્તનું પ્રમાણ ઘણું નીચું માત્ર ૦.૦૮ રહ્યું છે, એટલે ચિંતાજનક નથી, છતાં આ રોગ અંગે લોકજાગૃતિ અને લોકસહકાર ખૂબ જ જરૂરી છે. કુષ્ઠરોગમુક્ત જિલ્લાના લક્ષ્ય સાથે અમદાવાદનું જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સજ્જ છે. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં યોજાયેલી લેપ્રસી કેસ ડિટેન્શન કેમ્પેઈનની બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમાર, જિલ્લા આરોગ્ય તંત્રના કુષ્ઠરોગ વિભાગના અધિકારીશ્રીઓ, એએમસીના આરોગ્ય શાખાના અધિકારીશ્રીઓ અને જિલ્લા સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી વધશે તેવી અંબાલાલ પટેલની આગાહી

(જી.એન.એસ),

અમદાવાદ તા.૧૨

હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી પડી રહી છે. તેમજ કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહે તેવી સંભાવના છે. બીજી તરફ હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી અનુસાર આગામી ૨૪ કલાકમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે.

# બનાસકાંઠાના ધારાસભ્ય પ્રવીણ માળી બહેનનું મામેરું બળદગાડામાં લઈ ગયા



(જી.એન.એસ)

બનાસકાંઠા, તા.૧૨

બનાસકાંઠાના ધારાસભ્ય પ્રવીણ માળીએ અનોખો ચીલો ચાતર્યો હતો. પ્રવીણ માળી બહેનનું મામેરું બળદગાડામાં લઈ ગયા હતા. તેમણે ડીસામાં બળદગાડામા મામેરું કાઢ્યું હતું. જૂની પરંપરા મુજબ બળદગાડામાં મામેરું લઈને ગયા હતા. બનાસકાંઠાના ધારાસભ્ય (MLA) પ્રવીણ માળી એ અનોખો ચીલો ચાતર્યો હતો. પ્રવીણ માળી બહેનનું મામેરું બળદગાડામાં લઈ ગયા હતા. તેમણે ડીસામાં બળદગાડામા મામેરું કાઢ્યું હતું. જૂની પરંપરા મુજબ બળદગાડામાં મામેરું લઈને ગયા હતા. સામાન્ય રીતે ધારાસભ્યની બહેનના લગ્ન હોય ત્યારે એકદમ ઝાકઝમાળભર્યા અને એકદમ વૈભવી લગ્ન જોવા મળતાં હોય છે, પરંતુ અહીં તો બધું જ તેનાથી વિપરીત હતું. આ જોઈને એમ જ લાગે ગાંધીજીના સિદ્ધાંતો તેમણે અપનાવી લીધા છે. આ અંગે ધારાસભ્ય પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે લોકો લગ્નમાં અવનવું બધું જ કરતાં હોય છે, પરંતુ પરંપરાનું પાલન જ કરતાં નથી. મને આશા છે કે મારામાંથી પ્રેરણા લઈને લોકો બીજું બધુ કરવાની સાથે-સાથે પરંપરાનું પાલન કરશે. લગ્નો આધુનિક રીતે આધુનિક સમય મુજબ થાય તે જરૂરી છે, પરંતુ તેની સાથે-સાથે પરંપરાની જાળવણી પણ તેટલી જ આવશ્યક છે. પરંપરા વગર કોઈપણ સંસ્થા અધૂરી છે. સમય વીતવાની સાથે પરંપરાઓનું સ્વરૂપ બદલાય છે, પરંતુ તેનું હાર્દ તો એ જ રહે છે. તેથી મારી ઈચ્છા છે કે નવી પેઢી પણ આપણી ગ્રામીણ પરંપરાને અપનાવે. તે સામાજિક વ્યવહારોના સંદર્ભમાં તેને જીવિત રાખે. સમય સાથે પરિવર્તન જરૂરી છે, પણ જે બાબતથી કોઈ નુકસાન પહોંચતું ન હોય તેને કરવામાં કોઈને વાંધો હોવો જોઈએ નહીં.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ

## વિકસિત ભારત @ 2047ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને વિકસિત ગુજરાતથી સાકાર કરવા ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતિય વર્ષમાં પદાર્પણ સાથે 'ગ્યાન' – ગરીબ, યુવા, અન્નદાતા, નારીશક્તિના સમૂચિત વિકાસના કાર્યક્રમોનું આયોજન વિકસિત ગુજરાતની દિશા તય કરતા 'ગ્યાન' આધારિત કાર્યક્રમો યોજાશે



(જી.એન.એસ)

ગાંધીનગર, તા.૧૨

જનતા જનાર્દને મુકેલો વિશ્વાસ સેવા-સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે અનેકવિધ લોકહિતકારી યોજનાઓનો સેવાકાળ બનાવ્યો છે મુખ્યમંત્રીશ્રીના હસ્તે સંપન્ન થશે અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્ર લોકાર્પણ થકી - ગરીબ ઉત્કર્ષ રાજ્ય સરકારના વિભાગોમાં ૬૦૦ યુવાઓને નિમણૂક પત્રો એનાયતથી - યુવા વિકાસ ખેડૂતો-અન્નદાતાઓના **FPO** સાથે સંવાદથી - અન્નદાતા વિકાસ મહિલા સ્ટાર્ટઅપ - ઈનોવેટર્સ સાથે સંવાદથી - નારીશક્તિ વિકાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિના પાયા પર રચેલી સર્વાંગી વિકાસની બુનિયાદને ગુજરાતની જનતા જનાર્દને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દ્રઢ વિશ્વાસ મૂકીને વધુ ઉન્નત બનાવી છે. આ જન સમર્થન અને જનવિશ્વાસ સાથે તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ના દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે શાસન સેવા દાયિત્વ સંભાળ્યું હતું. તેમના સફળ સુશાસનના બે વર્ષ ૧૨ ડિસેમ્બર,૨૦૨૪ના પૂર્ણ થશે.મુખ્યમંત્રીશ્રીના દ્રષ્ટીવંત નેતૃત્વમાં વર્તમાન સરકારે રાજ્યની વિકાસયાત્રાને જનહિતલક્ષી યોજનાઓથી અનેક સિદ્ધિઓ અને શ્રેષ્ઠ પરિણામો સાથે નવી દિશા આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત જ ૨૦૪૭ માટે ચાર મુખ્ય સ્તંભ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સશક્તિકરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને 'ટીમ ગુજરાતે' પણ વડાપ્રધાનશ્રીના આ વિકસિત ભારત જ ૨૦૪૭ સંકલ્પને વિકસિત ગુજરાતથી પાર પાડવાની નેમ રાખી છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રીની સંકલ્પના અનુસાર રાજ્યના વિકાસમાં દરેક આયોજન અને કાર્યક્રમોમાં 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલાશક્તિના એમ્પાવરમેન્ટ અને ઉત્થાન ઉપર ફોકસ કર્યું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે બે વર્ષના કાર્યકાળમાં સેવા, સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે પ્રજાકીય સુશાસનની જન-જનને અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર તા. ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતીય વર્ષમાં પદાર્પણ કરશે તે અવસરને પણ 'ગ્યાન' આધારિત વિકાસ ઉત્સવ બનાવવાનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી મંડળના મંત્રીશ્રીઓ વર્તમાન રાજ્ય સરકારના ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ અવસરે આ 'ગ્યાન' આધારિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષ પૂર્ણ કરીને તૃતીય વર્ષમાં પદાર્પણ અવસરે તા.૧૨મી ડિસેમ્બર, ગુરૂવારના દિવસનો પ્રારંભ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નરોડામાં ૩૦૦ ચોરસ મીટરમાં નિર્માણ પામેલા શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે. મુખ્યમંત્રીશ્રી 'ગ્યાન'ના બીજા મહત્વપૂર્ણ પિલ્લર એવા યુવાઓના ઉજ્જ્વળ ભવિષ્યની નેમ સાથે સવારે ૧૧ કલાકે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારા કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'અન્નદાતા'ને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ખેડૂત ઉત્પાદક સંગઠનો હૈંના સદસ્યો સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને સંવાદ કાર્યક્રમનું પણ આયોજન કર્યું છે. ખેત પેદાશોના મહત્તમ ઉત્પાદન, વેલ્યુએડિશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ તેમજ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા **FPO**ને મુખ્યમંત્રીશ્રી આ સંવાદ કાર્યક્રમમાં માર્ગદર્શન આપશે. મુખ્યમંત્રીશ્રી ગુરુવારે સાંજે ૩૦૦ જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ સાથે અમદાવાદમાં આઈ-હબ ખાતે યોજનારા એક કાર્યક્રમમાં સંવાદ-વાતચીત કરશે. મહિલા ઉદ્યોગ સાહસિકો સંશોધકોને રાજ્ય સરકાર દ્વારા મળેલા પ્રોત્સાહનને કારણે રાજ્યમાં મહિલા સ્ટાર્ટઅપની સંખ્યામાં ૫૨%નો વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રી 'ગ્યાન'નો ચોથો સ્તંભ એવી નારીશક્તિના શક્તિ સામર્થ્યને આ સ્ટાર્ટ અપ ઈનોવેટર્સ સાથેના સંવાદ કાર્યક્રમથી નવી દિશા આપશે. ભૂપેન્દ્ર પટેલના વડપણની વર્તમાન સરકારના ત્રીજા વર્ષમાં પદાર્પણનો પ્રથમ દિવસ એટલે કે તા. ૧૨મી ડિસેમ્બર ૨૦૨૪ સમગ્રતયા 'ગ્યાન' સમર્પિત વિકાસ દિવસ બનશે.

# ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ૫૬ પાકિસ્તાની લઘુમતી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં

## અમદાવાદમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન કુલ ૧૨૨૩ લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં


(જી.એન.એસ)


અમદાવાદ, તા.૧૨

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, 'મુસ્કુરાઈએ! અબ આપ સબ ભારત કે નાગરિક હૈ.' પાકિસ્તાનમાંથી આવીને વસેલા હિન્દુ પરિવારોને નવી ઓળખ આપવાનું કામ કેન્દ્ર અને રાજ્ય સરકારે કર્યું છે. શહેરના ધારાસભ્યશ્રીઓ, ડેપ્યુટી મેયર શ્રી, છસ્ઝ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેમજ નિવાસી અધિક કલેકટર શ્રીની પ્રોત્સાહક ઉપસ્થિતિ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કેમ્પમાં આજે ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ૫૬ પાકિસ્તાની લઘુમતી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં હતાં. આ અવસરે ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સૌને આવકારતા કહ્યું કે, 'મુસ્કુરાઈએ! ક્યૂં કી અબ આપ સબ ભારત કે નાગરિક હૈ.' ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા લોકોના ચહેરા પર ખુશી અને વિશ્વાસની લાગણી છલકાઈ રહી છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ જેવા દેશોમાં કેટલાક ધર્મ અને જ્ઞાતિઓના લોકો લઘુમતીઓમાં આવે છે. આ દેશોમાં વર્ષોથી લઘુમતી નાગરિકોની પરિસ્થિતિ કપરી છે

તેમજ તેમની સુરક્ષા ખતરામાં છે. દેશનું દાયિત્વ સંભાળ્યા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાગરિકતા નિયમોમાં બદલાવ લાવીને પાકિસ્તાનમાંથી ભારત આવીને વસેલા નાગરિકોને તેમની ઓળખ સમાન નાગરિકતા પ્રમાણપત્ર મળે તે માટે દિશાસૂચક કામગીરી કરવામાં આવી છે. આજે ભારતીય હોવાનો મને ગર્વ છે એમ જણાવીને ગૃહ રાજયમંત્રીશ્રીએ નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા નાગરિકોને સંબોધતા કહ્યું કે, તમે આજે ગર્વથી તમારી કર્મભૂમિ ભારતને બનાવી શકો છો, ભલે તમારો જન્મ પાકિસ્તાનમાં થયો હોય. આજે પાકિસ્તાનમાંથી આવેલા ઘણા લઘુમતી પરિવારો સમાજમાં વિવિધ ક્ષેત્રે વિકાસ સાધી રહ્યા છે અને સમાજના ઉત્થાનમાં યોગદાન આપી રહ્યા છે. આવા પરિવારોનાં સંતાનો પણ ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવી રહ્યાં છે.

પાકિસ્તાનમાંથી આવીને વસેલા હિન્દુ પરિવારોને નવી ઓળખ આપવાનું કામ કેન્દ્ર અને રાજ્ય સરકારે કર્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.સાથે જ, અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય આયોજન અને પ્રસંશનીય કામગીરી થકી નાગરિકોને વર્ષ ૨૦૧૭થી નાગરિકતા પ્રમાણપત્રો એનાયત થઈ રહ્યાં છે એમ જણાવીને ગૃહ રાજયમંત્રીશ્રીએ તેમની કામગીરીને બિરદાવી હતી.અમદાવાદના નિવાસી અધિક કલેકટર શ્રી ભાવિન સાગરે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે સરકાર દ્વારા નાગરિકને અપાતું આ મહત્ત્વનું પ્રમાણપત્ર છે. સરકારશ્રીએ કાયદામાં સુધારો કર્યો ત્યાર બાદ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૦૧૭થી કેમ્પ કરીને નિયમિતપણે લાયક નાગરિકોને આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.આ પ્રસંગે મણિનગરના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં નાગરિકોના પ્રશ્નો અને તેમની સમસ્યાઓના સમાધાનને પ્રાધાન્ય આપ્યું છે. એ જ દિશામાં, આજે નાગરિકતા પ્રમાણપત્રો એનાયત કરવાનો આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.મારા મતવિસ્તારમાંથી પણ ઘણા વ્યક્તિઓને આજે આ પ્રમાણપત્ર એનાયત થઈ રહ્યાં છે, એ વાતનો આનંદ છે.આ પ્રસંગે નરોડાના ધારાસભ્ય શ્રી ડો.પાયલ કુકરાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં લાગુ કરવામાં આવેલા ઝછછ કાયદા થકી શરણાર્થી નાગરિકોને એમના હકો મળશે અને તેઓ માનભેર જીવન જીવી શકશે. સાથે જ, તેમણે નાગરિકતા મેળવનાર નાગરિકોને દેશની એકતા અને અખંડિતતા જાળવવામાં અને દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર નાગરિકોએ તેમના પ્રતિભાવો વર્ણવ્યા હતા. પાકિસ્તાનથી ભારત આવીને વસેલા લઘુમતીઓને નાગરિકતા આપતો કાયદો લાવવા બદલ તેઓએ વડાપ્રધાનશ્રીની આભાર વ્યક્ત કર્યો હતો.આજના કાર્યક્રમમાં નાગરિકતા પ્રમાણપત્ર મેળવનાર અને વ્યવસાયે ડૉક્ટર એવા ઈશા કુમારીએ જણાવ્યું હતું કે, આજથી હું એક પ્રાઉડ ભારતીય ડૉક્ટર છું.

‘સેવા સંકલ્પના બે વર્ષ’ પુસ્તકનું વિમોચન

# બે વર્ષમાં રૂા.૧૦૯૦ કરોડની વિવિધ યોજનાઓના લોકાર્પણ અને રૂા. ૨૦૪૫ કરોડના ખાતમુહૂર્ત કામોથી છેવાડાના અંતરિયાળ ગામો સુધી પાણી પહોંચ્યું



(જી.એન.એસ)
ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની સિદ્ધિઓના પુસ્તકના વિમોચન કર્યા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકાર આગામી ૧૨મી ડિસેમ્બરે સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ કરી રહી છે. તેમની વિઝનરી લિડરશીપમાં આ બે વર્ષ દરમિયાન પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગો સહિતના વિભાગોએ જનસેવાને સમર્પિત અનેકવિધ કલ્યાણ યોજનાઓનો સફળ અમલ કર્યો છે. વર્તમાન સરકારે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શનમાં બે વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના ‘સેવા સંકલ્પના બે વર્ષ’ પુસ્તકોના વિમોચન સંપન્ન કર્યા હતા. આ ત્રણેય પુસ્તકોના વિમોચન રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક પહેલાં મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં થયા હતા.પાણી પુરવઠા વિભાગે આ બે વર્ષમાં રાજ્યભરમાં રૂ. ૧૦૯૦.૩૯ કરોડની યોજનાઓના લોકાર્પણ અને ૨૦૪૫.૬૩ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના ખાતમૂહુર્ત કરવામાં આવ્યા છે. પાણી પુરવઠા વિભાગે રાજ્યના ગામોની ગ્રામીણ જનસંખ્યાને પીવાનું પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે તેની સંપૂર્ણ વિગતો અને ભવિષ્યના આયોજનની વિસ્તૃત છણાવટ આ માહિતીસભર પુસ્તકોમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે પુસ્તિકાનું વિમોચન થયું છે તેમાં ‘સૌને અન્ન-સૌને પોષણ’ અન્વયે રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડ ધારક પરિવારોના ૩.૬૯ કરોડ લોકોને અનાજ વિતરણ કરવામાં આવે છે તેની વિગતો આપી છે.

સાથે વિવિધ યોજનાઓ તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ઉજ્જવલા યોજના સહિતની યોજનાકીય સિદ્ધિઓ પ્રસ્તુત થયેલી છે.જળ સંપત્તિ વિભાગે રાજ્યના દૂર દરાજના તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં સૌની, સુજલામ સુફલામ યોજના તેમજ ભૂગર્ભજળ સંગ્રહ વૃદ્ધિ માટેના અભિયાનોની સફળતા ‘સેવા સંકલ્પના બે વર્ષ’ પુસ્તકમાં વર્ણવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તકોના વિમોચન કર્યા તે અવસરે સંબંધિત વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર તથા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાસ્કેટ બોલ સ્પર્ધા રમવા આવેલા ખેલાડીઓ દારૂની પાર્ટી કરતા આખી ટીમ ડિસ્કવોલિફાઈ થઈ




(જી.એન.એસ)
પાટણ, તા.૧૨

સિક્યુરિટી ગાર્ડ દ્વારા ગાડીને રોકવા જતા ગાડી તેમની ઉપર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો પાટણમાં બનેલા એક બનાવમાં બાસ્કેટ બોલ સ્પર્ધા રમવા માટે આવેલા ખેલાડીઓએ દારૂની પાર્ટી કરતા ચકચાર મચી ગઈ છે. દારૂ પીતા આ ટીમ ઝડપાઈ જતા આખી ટીમને ડિસક્વોલીફાઈ કરી દેવામાં આવી હતી. આ બનાવની વિગત મુજબ જીમખાના ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધાના ખેલાડીઓને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ઋષા હોસ્ટેલમાં રખાયા હતા. જે પૈકી રૂમ નંબર ૭ ના ત્રણ જેટલા વિદ્યાર્થીઓ દારૂની મહેફિલ માણતા જોવા મળ્યા હતા. ફરજ પરના સિક્યુરિટીએ તેઓને અટકાવતા તેમની સાથે બોલાચાલી કરી પોતાની ગાડી લઈ નાસવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે સિક્યુરિટી ગાર્ડ દ્વારા ગાડીને રોકવા જતા ગાડી તેમની ઉપર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. જયારે અન્ય સિક્યુરિટી ગાર્ડ તેમજ કર્મચારીઓ મેન ગેટ બંધ કરી દેતા ગાડી ઉભી રહેતા ત્રણેય વિદ્યાર્થીઓને પકડી બી ડિવિઝન પોલીસને હવાલે કર્યા હતા.પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર વિદેશી દારૂને લઈને વિવાદમાં આવી છે ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા પાટણ રમત ગમત સંકુલ ખાતે બાસ્કેટબોલ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત ભરના ખેલાડીઓ આ બાસ્કેટબોલ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. ત્યારે બાસ્કેટબોલ સ્પર્ધામાં ભાગ લેનાર મોટાભાગના વિદ્યાર્થીઓને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ઋષા બોયઝ હોસ્ટેલમાં રાખવામાં આવ્યા હતા. ત્યારે ગતરોજ રાત્રીના સમયે હોસ્ટેલના રૂમ નંબર ૬ માં કેટલાક વિદ્યાર્થીઓ રૂમમાં મોટા અવાજે ગીતો વગાડી ડાન્સ કરી રહ્યા હતા ત્યારે અવાજ જોઈને હોસ્ટેલના વર્ડન આવ્યા હતા અને દરવાજો ખોલાવ્યો હતો. ત્યારે દરવાજો ખોલતા જે વિદ્યાર્થીઓ દારૂની મહેફિલ માણતા જોવા મળ્યા હતા.હોસ્ટેલના વોર્ડને તેઓને આવું ન કરવા અટકાવ્યા હતા, જેથી વિદ્યાર્થીઓએ ઉશ્કેરાઈ જઈ તેમની સાથે બોલાચાલી કરી હતી. એટલું જ નહિ, પોતાની ગાડી લઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન યુનિવર્સિટીનો મેન ગેટ સિક્યોરિટી દ્વારા બંધ કરી દેવાતા ગાડી ઉભી રખાઈ હતી, ત્યારે ફરજના સિક્યુરિટી ગાર્ડે ગાડીમાંથી વિદ્યાર્થીઓને ત્રણ જેટલા વિદ્યાર્થીઓને પકડીને પોલીસને હવાલે કર્યા હતા. પોલીસ પૂછપરછમાં આ વિદ્યાર્થીઓ આણંદના હોવાનું સામે આવ્યું છે.

હોસ્ટેલના રેકટર લાડજી ઠાકોરે જણાવ્યું કે, ગત સાંજના સમયે સિક્યુરિટી ગાર્ડ દ્વારા મને જાણ કરવામાં આવી હતી કે રૂમ નંબર ૬ માં ખેલાડીઓ દ્વારા મોટા અવાજે ગીતો વગાડી રહ્યા અને કાંઈક થઇ રહ્યું છે. ત્યાર બાદ હું ત્યાં હોસ્ટેલ ખાતે પહોંચી રૂમ નંબર ૬ ખખડાવ્યો હતો. રૂમ અંદરથી ખોલતા ૬ જેટલાં ખેલાડીઓ દારૂની મહેફિલ માણતા હોવાનું સામે આવ્યું હતું. જેથી મેં પૂછ્યું કે, આ શું કરી રહ્યા છો. તો તે ખેલાડીઓ મારી સાથે અસભ્ય વર્તન કરી મને રૂમમાં પુરી દીધો હતો. મારાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા રૂમ ખોલી મને બહાર કાઢવામાં આવ્યો હતો. આ બાબતની જાણ મેં ઓર્ગેનાઇઝર વિનોદ ચૌધરીને કરી હતી. ત્યાર બાદ દારૂ પીધેલ હાલતમાં ખેલાડી ગાડી લઈ મારા પર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો પણ તેમાં મારો બચાવ થયો હતો. તો ઘટનાને લઇ યુનિવર્સિટીના તમામ ગેટ બંધ કરવા મેં સૂચના આપી હતી.

આ બાબત ની જાણ યુનિવર્સિટી કુલપતિ અને પોલીસને કરવામાં આવી. પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી હતી અને યુવકોને ઝડપી પાટણ બી ડિવિઝન પોલીસ મથકે લઇ ગઈ હતી. જ્યાં મેં દારૂ પીધેલ ખેલાડીઓ વિરુદ્ધ લેખિત અરજી આપી હતી. આમ, આણંદના ત્રણ ખેલાડીઓને પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. ખેલાડીઓ ગુજરાત સ્ટેટ બાસ્કેટ બોલ સ્પર્ધામાં રમવા આવ્યા હતા, જેથી ઘટના બાદ આણંદની ટીમના ડિસ્ક્વોલિફાય કરાઈ હતી.

# અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશન રોડને છ લેનનો કરવાની દરખાસ્ત



અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશનનો રોડ હાલમાં ફોર લેન છે તેને સિક્સ લેન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ રોડને ફોર લેનમાંથી છ લેનનો કરવા સામે નડતા અવરોધો અંગે પણ ચર્ચા કરવામાં આવશે અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશનનો રોડ હાલમાં ફોર લેન છે તેને સિક્સ લેન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ રોડને ફોર લેનમાંથી છ લેનનો કરવા સામે નડતા અવરોધો અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

